**આજનો સુવિચાર**

ઘર મોટા હોવાથી ભેગું નથી રહેવાતું મન મોટા હોય તો જ ભેગા રહેવાય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૭૮ જૂનાગઢ તા.૧૪-૭-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 178, Junagadh : Date : 14 July, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay




# આજે ૨.૩૫ કલાકે ચંદ્રયાન-૩નું લોન્ચીંગ : સમગ્ર વિશ્વની નજર

## અંતરિક્ષમાં ઈતિહાસ રચવા ભારત તૈયાર : ઓગષ્ટ અથવા સપ્ટેમ્બરમાં ચંદ્ર પર સોફ્ટ લેન્ડીંગ માટે આશાવાદ

શ્રીહરિકોટા તા.૧૪

દેશના ત્રીજા મૂન મિશન ચંદ્રયાન-૩ના પ્રક્ષેપણ માટે કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. ચંદ્રયાન-૩આજે શ્રીહરિકોટા સ્થિત કેન્દ્રથી લોન્ચ કરવામાં આવશે. આ મૂન મિશન વર્ષ ૨૦૧૯ના ચંદ્રયાન-૨નું ફોલો-અપ મિશન છે. ભારતના આ ત્રીજા મૂન મિશનમાં વૈજ્ઞાનિકોએ ચંદ્રની સપાટી પર લેન્ડરનું 'સોફ્ટ લેન્ડિંગ' કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

'ચંદ્રયાન-૨' મિશન દરમિયાન અંતિમ ક્ષણોમાં લેન્ડર 'વિક્રમ' પાથના વિચલનને કારણે 'સોફ્ટ લેન્ડિંગ' કરી શક્યું ન હતું. જો દક્ષિણ ધ્રૂવ પર ચંદ્રયાન-૩ સફળતાપૂર્વક લેન્ડ કરશે તો ભારત આ સિદ્ધી મેળવનાર વિશ્વનો પ્રથમ દેશ બની જશે.

ચંદ્રયાન-૩આજે બપોરે ૨.૩૫ કલાકે લોન્ચ થવાનું છે. ઈસરોના વડા એસ. સોમનાથે જણાવ્યું કે, લોન્ચ થયા બાદ ચંદ્રયાન-૩ પૃથ્વીની ભ્રમણકક્ષામાં જશે અને પછી ધીમે ધીમે ચંદ્ર તરફ આગળ વધશે. અમે આશા રાખીએ છીએ કે બધું સારું થઈ જશે અને ૨૩ ઓગસ્ટે અથવા તેના પછી કોઈપણ દિવસે ચંદ્ર પર ઉતરશે.

ચંદ્રયાન-૩નું ચંદ્ર પર ઉતરાણ ૨૩-૨૪ ઓગસ્ટના રોજ રાખવામાં આવ્યું છે, પરંતુ ત્યાં સૂર્યોદયની સ્થિતિને જોતા તેમાં ફેરફાર થઈ શકે છે. જો સૂર્યોદયમાં વિલંબ થાય છે, તો ISRO ઉતરાણનો સમય વધારી શકે છે અને સપ્ટેમ્બરમાં પણ કરી શકે છે.

ચંદ્રયાન-૨ની જેમ ચંદ્રયાન-૩માં પણ લેન્ડર અને રોવર મોકલવામાં આવશે પરંતુ તેમાં ઓર્બિટર નહીં હોય. કારણ કે અગાઉના ચંદ્ર મિશનનું ઓર્બિટર હજુ પણ અવકાશમાં કામ કરી રહ્યું છે. ISROનો મહત્વકાંક્ષી ચંદ્રયાન પ્રોજેક્ટ આજે LVM3M4 રોકેટ સાથે અવકાશમાં જશે. આ રોકેટને પહેલા GSLVMK3 કહેવામાં આવતું હતું. અવકાશ વિજ્ઞાનીઓ ભારે સાધનો વહન કરવાની ક્ષમતાને કારણે તેને 'ફેટ બોય' પણ કહે છે. ઓગસ્ટના અંતમાં 'ચંદ્રયાન-૩'નું 'સોફ્ટ લેન્ડિંગ' કરવાની યોજના છે.

## અમેરીકાએ અરૂણાચલ પ્રદેશને ભારતનું અભિન્ન અંગ ગણાવતો પ્રસ્તાવ પસાર કર્યો : ચીનને ફટકો

વોશિંગ્ટન તા.૧૪

ચીન સાથે સરહદી વિવાદ વચ્ચે અમેરિકા ભારતની પડખે આવ્યુ છે અને અરૂણાચલ પ્રદેશ ભારતનો અભિન્ન ભાગ હોવાનું સર્ટિફિકેટ આપી દીધું છે. અમેરિકી સંસદીય સમીતીએ આ અંગેનો પ્રસ્તાવ પસાર કર્યો હોવાનું સેનેટર જેફ મર્કેલે જાહેર કર્યુ હતું.

સંસદીય સમીતી સમક્ષ જેફ મર્કેલે, બિલ હોગર્ટી, ટીમ કાઈન તથા ક્રિસવાન હોલેને અરૂણાચલ ભારતનુ અભિન્ન અંગ હોવાનો પ્રસ્તાવ રજુ કર્યો હતો જેને પાસ કરવામાં આવ્યો હતો. ચીન સાથે ભારતનો સરહદી વિવાદ ચાલી રહ્યો છે. અરૂણાચલ પ્રદેશ પર ચીન દાવો કરી રહ્યું છે અને તેને લઈને વખતોવખત સંઘર્ષ પણ થાય છે ત્યારે અમેરિકાએ ભારતનું સમર્થન કર્યુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અમેરિકા પ્રવાસના એક જ મહિનામાં અમેરિકી સંસદીય સમીતીએ આ પ્રસ્તાવ પાસ કર્યાનું ઉલ્લેખનીય છે. પ્રસ્તાવમાં એવું સ્પષ્ટ કરવામાં આવ્યુ છે કે ભારત-ચીન વચ્ચેની મૈકમોહન સરહદને જ અમેરિકા આંતરરાષ્ટ્રીય સરહદ ગણે છે. સંસદના કાર્યવાહી આયોગના સહ-અધ્યક્ષ સેનેટર જેફ મર્કલે કહ્યું કે અમેરિકા સમગ્ર દુનિયામાં સ્વતંત્રતા તથા કાયદાના શાસનનું સમર્થન કરે છે. સંસદીય સમીતીમાં પસાર પ્રસ્તાવથી અરૂણાચલને અમેરિકા ભારતનું અભિન્ન અંગ માને છે.

ચીન સ્વતંત્ર તથા ખુલ્લા હિંદ તથા પ્રશાંત ક્ષેત્ર માટે ગંભીર ખતરો સર્જી રહ્યું છે. આ તકે અમેરિકાએ ભારતના સમર્થનમાં રહેવાનુ જરૂરી છે. ચીન તનાવ વધારી રહ્યું છે એટલે અમેરિકા લોકતંત્રાની રક્ષા કરવા મજબૂત રીતે ઉભુ રહેશે.

## વડાપ્રધાન મોદીને ફ્રાન્સનું સર્વોચ્ચ નાગરીક - લશ્કરી સન્માન એનાયત

પેરીસ તા. ૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફ્રાન્સનું સર્વોચ્ચ નાગરિક સન્માન 'ધ ગ્રૈંડ ક્રોસ ઓફ ધ લીજન' થી નવાજવામાં આવ્યા છે. આ સન્માન મેળવનાર વડાપ્રધાન મોદી પ્રથમ ભારતીય વડાપ્રધાન છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમૈનુઅલ મેક્રોએ વડાપ્રધાને આ સન્માન આપ્યુ હતું. વડાપ્રધાનને જે અનેક વૈશ્વીક સન્માન મળ્યા છે.

તેમાં આ એક ઉમેરાયુ છે જે ફ્રાન્સનું સર્વોચ્ચ લશ્કરી અને નાગરિક સન્માન ગણવામાં આવે છે. આ સન્માન ફ્રેન્ચના એમ્પરર નેપોલીયન બોર્નાપાટે ૧૮૦૨માં સ્થાપીત કર્યુ હતું અને તે પાંચ ભાગોમાં વહેચાયેલું છે જે તેનું સ્તર દર્શાવે છે. જેમાં નાઈટ, ઓફિસર, કમાન્ડર, ગ્રાન્ડ ઓફિસર અને ગ્રાન્ડક્રોસ જેમાં મોદીને સર્વોચ્ચ ગ્રાન્ડ ક્રોસ સન્માન અપાયુ છે.

આ સન્માનમાં રીબીનનો કલર લાલ હોય છે અને તેમાં બેજ અને તેમાં ઓનર એન્ડ ફાધર લેન્ડ ફ્રેન્ચ ભાષામાં લખાયેલુ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ સન્માન બદલ ફ્રાન્સના પ્રમુખ તથા આ દેશની જનતાનો આભાર માન્યો હતો. સામાન્ય રીતે આ સન્માન ફક્ત ફ્રાન્સના નાગરિકોને અપાય છે પણ જે દેશ ફ્રાન્સની સાથે દોસ્ત ધરાવતા હોય અને તેને ટેકો આપતા હોય તેવા વિદેશી મહાનુભાવોને પણ આ સન્માન મળે છે અને બે સદીમાં વિશ્વના ૩૦૦ મહાનુભાવો આ સન્માન મેળવી ચુકયા છે.

## કર્ણાટકનાં ખેડૂતે ટમેટા વેચીને રૂા. ૩૮ લાખની કમાણી કરી

બેંગ્લોર, તા.૧૪:

દેશમાં મોંઘવારી તેની ટોચ પર છે. ખાસ કરીને ટામેટાની વાત કરીએ તો તેના ભાવ ઘટવાનું નામ નથી લઈ રહ્યા. સરકારી આંકડાઓની વાત કરીએ તો જૂનમાં રિટેલ મોંઘવારી દર ૪.૮૧ ટકા હતો. મોંઘવારી વધવાનું એક કારણ ટામેટા પણ છે. સામાન્ય લોકોના રસોડામાંથી ટામેટા ગાયબ થઈ ગયા છે. ખેડૂતોને તેનો લાભ મળતો ન હોવાના અહેવાલો સર્વત્ર છે.

સરકારી આંકડા અનુસાર છેલ્લા એક મહિનામાં ટામેટાના ભાવમાં ૩૨૬ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. એક અહેવાલ મુજબ કર્ણાટકના એક ખેડૂત પરિવારે ટામેટાં વેચીને ૩૮ લાખ રૂપિયાની કમાણી કરી છે. વાસ્તવમાં આ ખેડૂત પરિવારે ટામેટાંના ૨૦૦૦ બોક્સ વેચ્યા હતા. જેમાંથી તેને પૂરા ૩૮ લાખ રૂપિયા મળ્યા હતા.

## આ વખતે અધિક શ્રાવણ માસ: ૧૮ જુલાઈથી ૧૬ ઓગષ્ટ સુધી રહેશે

નવી દિલ્હી,તા. ૧૪:

હિન્દુ ધર્મમાં ભારે મહાત્મ્ય ધરાવતા અધિક-પુરુષોત્તમ માસનો આગામી તા.૧૮ જુલાઈના મંગળવારથી આરંભ થશે. ચાલુ વર્ષે અધિક શ્રાવણ માસને પગલે બે મહિના સુધી મંદિરોમાં ધાર્મિક અનુષ્ઠાન, પૂજા-અર્ચના. વિવિધ પ્રકારના કાર્યક્રમોની વણઝાર જોવા મળશે. ૧૮ જુલાઈ થી ૧૬ ઓગસ્ટ સુધી અધિક માસને કારણે ભગવાન વિષ્ણુ, કૃષ્ણ ભગવાનની પૂજા-અર્ચના અને પછી ૧૭ ઓગસ્ટથી ૧૫ સપ્ટેમ્બર સુધી શ્રાવણ માસ હોય શિવઆરાધનાનો મહિમા જોવા મળશે.

મહારાજ હાર્દિક ઉપાધ્યાયના જણાવ્યા મુજબ, આ વર્ષે શ્રાવણમાં અધિક માસ લાગવાથી શ્રાવણ ૫૯ દિવસનો એટલે કે બે માસનો રહેશે.

## હિમાચલપ્રદેશનાં પ્રવાસન ઉદ્યોગને રૂા.૫૦૦ કરોડનું નુકશાન

સિમલા,તા. ૧૪:

કુદરતી આફતને કારણે હિમાચલ પ્રદેશનો પ્રવાસન વ્યવસાય આગામી બે મહિના સુધી રિકવર થઈ શકશે નહીં. બે મહિનામાં પ્રવાસન વ્યવસાયને અંદાજે રૂા.૫૦૦ કરોડનું નુકસાન થવાનો અંદાજ છે. હોટેલ અને ટ્રાવેલ ઈન્ડસ્ટ્રી માટે નુકસાન ભરપાઈ કરવું મુશ્કેલ બનશે. પ્રવાસીઓ હોટલોનું એડવાન્સ બુકિંગ કેન્સલ કરી રહ્યા છે.

## યુપીમાં દલિત યુવકને માર મારી કાનમાં પેશાબ કરવાનો વિડીયો વાયરલ થતાં ખળભળાટ

સોનભદ્ર,તા.૧૪

ઉત્તર પ્રદેશમાં એક દલિત યુવકને થૂંકવા અને ચાટવાનો મામલો હજુ શાંત થયો નથી ત્યાં વધુ એક નવો કિસ્સો સામે આવ્યો છે. યુપીના સોનભદ્ર જિલ્લામાં એક દલિતને માર માર્યા બાદ તેના કાનમાં પેશાબ કરવાનો મામલો સામે આવ્યો છે. આ વીડિયો ઈન્ટરનેટ મીડિયા પર વાયરલ થયા બાદ મામલો પ્રકાશમાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, ઘટના સમયે બંને પક્ષોએ પહેલા એકસાથે દારૂ પીધો હતો, ત્યારબાદ બંને વચ્ચે કોઈ મુદ્દે ઝઘડો થયો હતો અને એકે બીજાના કાનમાં પેશાબ કર્યો હતો. ઘટનાની માહિતી મળતાં જ પોલીસ અધિક્ષક ડો. યશવીર સિંહ ઘટનાસ્થળે પહોંચ્યા અને પીડિતા ગુલાબ કોલનું નિવેદન લીધું. જેના આધારે મુખ્ય આરોપી જવાહિર પટેલ અને અન્ય સામે દલિત ઉત્પીડનનો કેસ નોંધવામાં આવ્યો હતો. પોલીસ અધિક્ષક ડો. યશવીર સિંહે જણાવ્યું કે, સર્ક્યુલેટ થયેલો વીડિયો ૧૧ જુલાઈનો છે. તેણે જણાવ્યું કે પીડિતા અને આરોપી બંનેના પરસ્પર સંબંધો હતા. બંનેએ સાથે બેસીને દારૂ પીધો હતો. જવાહિર પટેલે ગુલાબ કોલને માર માર્યો હતો અને કાનમાં પેશાબ કર્યો હતો.

## દિલ્હીમાં યમુનાનાં પાણી સુપ્રિમ કોર્ટ સુધી પહોંચ્યા : કેજરીવાલે સૈન્યની મદદ માંગી

નવી દિલ્હી તા. ૧૪

દિલ્હીમાં છેલ્લા ૪ દિવસથી યમુના નદી ભયજનક નિશાનથી ઉપર વહી રહી છે. શુક્રવારે સવારે યમુના નદીનું જળસ્તર ૨૦૮.૪૮ મીટરે પહોંચીગયું છે. આ ભયજનક નિશાન ૨૦૫ મીટર કરતાં ૩.૪ મીટર વધુ છે. દિલ્હીમાં સુપ્રીમ કોર્ટની બહારનો રસ્તે પણ પાણી ભરાઈ ગયાં છે. પૂરનું પાણી યમુના બજાર, લાલ કિલ્લો, રાજઘાટ અને કાશ્મીરી ગેટ સુધી પહોંચી ગયું છે. અહીં ૩ ફૂટ સુધી પાણી ભરાઈ ગયું હતું.

આ સિવાય મજનુ કા ટીલા, નિગમ બોધ ઘાટ, મઠ માર્કેટ, વજીરાબાદ, ગીતા કોલોની અને શાહદરા વિસ્તાર સૌથી વધુ અસરગ્રસ્ત થયા છે. નીચાણવાળા વિસ્તારોને ખાલી કરાવવામાં આવ્યા છે.

### રાજઘાટ, લાલકિલ્લા અને કાશ્મીરી ગેટ સુધી ૩ ફૂટ પાણી ભરાયા

લોકોની મદદ માટે NDRFની ૧૬ ટીમો તહેનાત કરવામાં આવી છે. ૨,૭૦૦ રાહત શિબિરો લગાવવામાં આવ્યા છે. ગુરુવારે યમુનાની આસપાસથી ૨૩ હજારથી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ લઈ જવામાં આવ્યા હતા. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ દિલ્હીમાં પૂરની સ્થિતિનો તાગ મેળવવા માટે ફ્રાન્સથી અમિત શાહને ફોન કર્યો હતો. શાહે વડાપ્રધાનને કહ્યું, આગામી ૨૪ કલાકમાં યમુનાનું જળસ્તર ઘટી શકે છે.

## જમ્મુ-કાશ્મીરનાં શોપિયામાં આતંકવાદી હુમલો ત્રણ પરપ્રાંતીય મજુરોની ગોળી મારી હત્યા

જમ્મુ,તા. ૧૪:

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓએ ફરી એકવાર સામાન્ય લોકોને નિશાન બનાવ્યા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર ગતરાત્રે શોપિયાં જિલ્લામાં આતંકવાદીઓએ ત્રણ બિન-કાશ્મીરી મજૂરોને ગોળી મારી દીધી હતી. આ ઘટના બાદ તરત જ ઘાયલોને હોસ્પીટલ લઈ જવામાં આવ્યા છે. પોલીસ અને સેનાના જવાનોએ શોપિયાંના ગગરાનને ઘેરી લીધું હતું. સુરક્ષા દળો આતંકવાદીઓને શોધી રહ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે ગોળીબારમાં ઘાયલ થયેલા મજૂરોની ઓળખ અનમોલ, હીરાલાલ અને પિન્ટો તરીકે થઈ છે.

જમ્મુ-કાશ્મીરમાં આતંકી હુમલાને અંજામ આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આતંકવાદીઓ સતત હુમલા કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. રાજૌરી જિલ્લામાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા એક આતંકવાદીને સેનાએ ઠાર માર્યો હતો.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા....


**બંગલો વેચવાનો છે**

દોમડીયા વાડીની પાસે, ગીરીકુંજ સોસાયટીમાં, શાંતિપ્રીય, આધ્યાત્મિક, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્રને Touch હવા-ઉજાસ, પાંચ મોટા રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, મોટા ડાઈનીંગ સાથે કીચન, ૯૦૦૦ લીટર ચોમાસાના પાણીનો ભૂગર્ભ ટાંકો, તમામ બારીમાં મચ્છર જાળી, સેન્ચ્યુરી પ્લાય, રોયલ ટચ સનમાઈકા સાથેનું ફુલ ફીકસ ફર્નિચર, આજની બજાર કિંમતથી અડધી કિંમતે આધુનિક, ઉત્તરાભિમુખ, ૧૫૨ વારની જગ્યાવાળો બંગલો ખૂબજ વ્યાજબી ભાવે વેચવાનો છે.

**સંપર્ક : ૭૫૭૫૮ ૦૬૫૮૫**

**જૂનાગઢમાં વેચવાનું છે**

(૧) ડો. જસાણીનું ચાર માળનું દવાખાનું, પોસ્ટ ઓફીસ રોડ
(૨) નીલકમલ-૧માં પહેલા માળે ફલેટ
(૩) ગાંધીગ્રામ કોન્વેન્ટ સ્કુલ સામે ૫૦૦ વારમાં ૧૦ દુકાનો, આઠ રૂમ વાળો બંગલો
(૪) રાયજીબાગ ઓરચીડમાં ફલેટ
(૫) ૩૨૦૦૦ ચાલેલી એસેન્ટ ગાડી
(૬) ગાંધીગ્રામમાં કોન્વેન્ટ સ્કુલ સામે આમ્રપાલી એપાર્ટમેન્ટમાં બીજા માળે ફલેટ વેચવાનો છે.

**સંપર્ક : મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯**

**ટેનામેન્ટ વેચવાનું છે**

આપને પહેલી નજરમાં ગમી જશે, તદ્દન વ્યાજબી ભાવમાં સ્વતંત્ર ટેનામેન્ટ વેચવાનું છે, બે રોડ લાગુ, રાધાનગર આંબાવાડી, જોશીપરા, જૂનાગઢ

**મો. ૯૪૨૮૭ ૦૫૮૫૬**

**વેચવાનો છે**

ઔદ્યોગિક હેતુવાળા ૨૪૪૮ ચોરસ વાર પ્લોટ, જય ભૂવનેશ્વરી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સાબલપુર, જૂનાગઢ (૨૨ હોર્સ પાવર સાથે)

**મળો : જયેન્દ્રભાઈ**
**મો. ૯૮૨૫૨ ૨૦૧૪૮**



રાજુલ મહેતા
VAJUBHAI MASALAWALA

**વજુભાઈ મસાલાવાળા**
**(મહેતા વૃજલાલ મનોરદાસ)**

હેર ઓઈલ, ગરમ મસાલા, પાપડ, ડ્રાય ફ્રુટ, દરેક પ્રકાર અથાણા તેમજ હર્બલ આઈટમનો ખરી જ

પંચહાટડી, માંગનાથ રોડ, જૂનાગઢ - ૩૬૨૦૦૧
ફોન : ઓ. ૦૨૮૫-૨૬૨૦૩૧૦ - મો. ૦૯૮૨૪૨ ૪૬૭૨૦

મેન્યુફેકચરર્સ : મેમસાબ મસાલા

**એડમીશન માટે મળો**

**MBBS**
**(INDIA / ABROAD**

**ગાયત્રી હોસ્પીટલ**
**જૂનાગઢ**

**ડો. રાહુલ મહેતા**
**મો. ૭૪૩૬૦ ૭૪૪૦૮**

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત



વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

**ટાઉન હોલ ભાડે મેળવવા માટે સંપર્ક કરો**

શું તમારા દિકરા - દિકરીના લગ્ન આવ્યા છે. તો તમે ચિંતિત છો કે પાર્ટીપ્લોટનું મોંઘુ ભાડુ પોસાય તેમ નથી ? તો હવે તમારે ચિંતા કરવાની જરૂર નથી.

જૂનાગઢનાં મધ્ય વિસ્તાર સરદાર વલ્લભભાઈ ચોકમાં શામળદાસ ગાંધી ટાઉન હોલ અદ્યતન સુવિધાઓથી સજ્જ ૬૫૦ સીટ ધરાવતું તથા કોન્ફરન્સ હોલમાં ૭૫ સીટની વ્યવસ્થા છે.

આપના લગ્ન પ્રસંગ, રીસેપ્શન પાર્ટી, દાંડીયા રાસ રમવા અદ્યતન સ્ટેજ લાઈટ ડેકોરેશન, બર્થ-ડે પાર્ટી, સેમિનાર તથા નાટયગૃહ મટે તદ્દન વ્યાજબી ભાવમાં મળશે. ફુલ પાર્કીંગની સગવડતા છે.

**મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧, ૮૧૬૦૬ ૭૯૮૨૧ ૮૨૦૦૬ ૯૫૦૩૩**

# રજૂઆતનો પડઘો શાપુર-સરાડીયા ટ્રેન પૂર્નઃ શરૂ કરવા પુરજોશથી ચાલતી કામગીરી

જૂનાગઢ, તા.૧૪

૧૧૦ વર્ષ જુની શાપુર-સરાડીયા ટ્રેનના અમુક ભાગમાં ટ્રેક ધોવાણ થઈ જતા છેલ્લા ૪૦ વર્ષ પહેલા આ ટ્રેનને બંધ કરી દેવામાં આવી હતી. દરમ્યાન આ ટ્રેન પૂર્નઃ શરૂ કરવાની માંગણી સાથે ઉચ્ચકક્ષાએ રજુઆતો થતા શાપુર-સરાડીયા ટ્રેન શરૂ કરવા માટેના પ્લાન ઘડી કાઢવામાં આવેલ છે અને પુરજોશથી કામગીરી ચાલી રહી છે.

છેલ્લા ૪૦ વર્ષ પહેલા તા.૨૨/૬/૧૯૮૩ના ભારે પુર હોનારતમાં ૧૧૦ વર્ષ જુની શાપુર સરાડીયા ટ્રેનના અમુક ભાગમાં ટ્રેક ધોવાણ થઈ જતા રેલ્વે સત્તાવાળાઓએ આ ટ્રેનને બંધ કરી દઈ ૧૯૯૨માં શાપુરથી સરાડીયા સુધીના ૪૪.૪૫ કિ.મી.ના પાટા તળેપાર સહીતના માલ સામાનની ચાર તબકકામાં હરરાજી કરી દિધા બાદ કાયમી ધોરણે શાપુર સરાડીયા ટ્રેનનું નકશામાંથી નામ નિશાન મિટાવી દિધેલ હતું જેના કારણે સોરઠ જીલ્લાના વિકાસના મહત્વની સુવિધા ઝટવાઈ જતા માણાવદર, બાંટવા, વંથલી વગેરે વિસ્તારોને મોટીમાઠી અસર ચાર દાયકાથી સહન કરવી પડી રહી છે. આવી સ્થિતિમાં માણાવદર-બાંટવા, વંથલી ખાતે જીનમીલ, ઓલઈમીલ, માણાવદરના ત્રણ સોલવન્ટ પ્લોન્ટો પણ આ વિસ્તારમાંથી સ્થળાંતર થઈ થવા પામ્યા છે. કપાસ મગફળીનુંહબ ગણાતા માણાવદર વિસ્તાર ઉદ્યોગ ક્ષેત્રે પડી ભાંગ્યો છે. સોરઠ વિસ્તારના કપાસનો તાર લાંબો અને મજબુત હોવાના કારણે તેની માંગ રહેતી હતી. શાપુર સરાડીયાના ગુડસ ટ્રેઈન મારફત ગાસડીઓ દેશાવર મોકલવામાં આવતી હતી પરંતુ ટ્રેન બંધ થવાને કારણે ઉદ્યોગ ક્ષેત્રને ભારે અસર પહોંચી છે. દરમ્યાન આ વિસ્તારને ફરી ધમધમતો કરવા અને બંધ પડેલી શાપુર-સરાડીયા ટ્રેનને પુનઃ સ્થાપિત કરવા જીલ્લાના પત્રકાર રાકેશભાઈ લખલાણીએ બીડુ ઝડપી બીનરાજકીય લડત આપી અને આગેવાની લઈ સાડાપાંચ માસની રાત દિવસની જહેમત બાદ પોરબંદરના સાંસદ રમેશભાઈ ધડુકને સાથે રાખી રાણાવાવથી લઈ વંથલી, શાપુર સુધીના એક પ્રતિનિધી મંડળને ગત તા.૧૬/૩/૨૦૨૩ના રોજ દિલ્હી રેલ્વે મંત્રી અશ્વીન વૈશ્વણવ રૂબરૂ આ વિસ્તારનો ચિતાર રજુ કરી શાપુર સરાડીયા ટ્રેનને શરૂ કરવા ધારદાર લેખીત અને મૌખીક રજૂઆત કરતા સરાડીયા ટ્રેનને પુનઃ સ્થાપિત કરવા માટે રેલ્વે મંત્રી અશ્વીન વૈશ્વણવત્વરીતનિર્ણય લઈ ઉચ્ચ અધિકારીઓને રૂબરૂ બોલાવી આ ટ્રેન તાત્કાલીક શરૂ થાય તે તેવી ખાત્રી આપેલી હતી તેમજ બીજા તબકકામાં સરાડીયાથી આગળ વાયા કુતીયાણાથી આગળ વાસજાળીયા ૩૪ કીમી બ્રોડગેઈજ સાથે જોડી દેવાની પણ સંમતી આપેલી હતી.

તા.૧૨/૭/૨૦૨૩ના રોજ રાકેશ લખલાણી પશ્ચીમ રેલ્વેના કંટ્રકશન એન્જી નોરન્દ્રસિગ સાથે રાજકોટથી ઉચ્ચ અધિકારી સાથે ટેલીફોનીક ચર્ચા કરતા માહિતી આપવામાં આવેલી હતી કે, શાપુર સરાડીયા જે નેરોગેઈજ ટ્રેઈન હતી તેનો બ્રોડગેઈજ સાથે ઈલેકટ્રીક ટ્રેઈન શરૂ કરવાની કામગીરી પુર જોશમાં ચાલુ હોય જેના પ્રથમ તબકકામાં નેરોગેઈજના નાનાવળાકોનો સીધા કરવાની કામગીરી પુર્ણ થઈ ચુકી છે જેના પ્લાન પણ તૈયાર કરી દેવામાં આવ્યા છે અનેક ખેડૂતોની જમીન ટ્રેનના ટ્રેકમાં વાળાકોના કારણે બંને સાઈડમાંથી એક સાઈડની જમીન ખેડૂતોનો સંપાદન કરવાની કામગીરી પણ તૈયાર કરવામાં આવી રહી છે. ઈલેકટ્રીક લાઈનના કારણે જરૂર પડે ત્યાં થોડી જમીન લાગુ પડતા ખેડૂતોનો સંપાદન પણ કરવાની કામગીરી હવે પછીના તબકકામાં હાથ ધરવામાં આવશે. વધુમાં શાપુરથી સરાડીયા રેલ્વે ટ્રેક, રેલ્વે સ્ટેશન, રેલ્વેફાટક, રેલ્વે ક્રોસીંગમાં જયાં રેલ્વેની જમીનમાં પેશકદમી, દબાણો હશે તે તમામ દબાણોને રેલ્વેની જમીન ખુલ્લી કરવા નોટીસ આપી જમીન ખુલ્લી કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે. તેમ પશ્ચિમ રેલ્વે અધિકારીએ નરેન્દ્રસિગએ જણાવેલ હતું. શાપુર સરાડીયા ટ્રેઈનની કામગીરી તમામ ક્ષેત્રે પુર જોશમાં હાલ ચાલી રહેલ હોવાનું પણ તેમણે જણાવેલ હતું.

# જૂનાગઢમાં ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થામાં વધુ એક રોજગારલક્ષી તાલીમનો પ્રારંભ

## ગ્રામીણ વિસ્તારના ૫૫ યુવાનો એસી-રેફ્રિજીરેટર સર્વિસિંગ અને મોબાઈલ રીપેરીંગ માટેનું ટેકનિકલ જ્ઞાનની સાથે ધંધો - રોજગાર વિકસાવવા માટેના કૌશલ્યો આત્મસાત કરશે





જૂનાગઢ તા.૧૩

ગ્રામ્ય વિસ્તારના યુવાઓમાં સ્વરોજગારીના નિર્માણ માટે કાર્ય કરતી **SBI- RSETI** એટલે કે, ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા દ્વારા વધુ એક સ્વરોજગારલક્ષી તાલીમ બેચનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં ગ્રામીણ વિસ્તારના ૫૫ જેટલા યુવાનો એસી-રેફ્રિજીરેટર સર્વિસિંગ અને મોબાઈલ રીપેરીંગ માટેનું ટેકનિકલ જ્ઞાનની સાથે ધંધો - રોજગાર વિકસાવવા માટે જરૂરી કૌશલ્યો આત્મસાત કરશે.

આ તાલીમના ઉદઘાટન સત્રમાં **RSETI**ના ડાયરેક્ટર પ્રશાંત ગોહેલે જણાવ્યું કે, ગ્રામ્ય યુવાનો પગભર બને તે ભારત સરકાર સ્કિલ ડેવલપમેન્ટ ખૂબ ભાર આપી રહી છે. તેના જ ભાગરૂપે આ સંસ્થા દ્વારા જુદી જુદી રોજગારલક્ષી તાલીમ આપવામાં આવી રહી છે. અહીંથી યુવાનો તાલીમ મેળવી પોતાના સ્વતંત્ર વ્યવસાયમાં આગળ વધે તે માટે ગુણવત્તા યુક્ત તાલીમ તો આપવામાં આવે છે. સાથે જ યુવાનો સોફ્ટ સ્કિલ પણ પ્રાપ્ત કરે તે માટે પણ વિશેષ ભાર આપવામાં આવે છે. ઉપરાંત તાલીમાર્થીઓને ધંધા રોજગાર માટે નાણાકીય મદદ મળી રહે તે માટે લોન માટેની પણ સહાય પૂરી પાડવામાં આવે છે. અંતમાં તેમણે આ તાલીમનો લાભ મેળવી યુવાનોને આગળ વધવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. **SBI** લીડ બેંકના મેનેજર રાઠવાએ જણાવ્યું કે, વર્તમાન સમયમાં એસી અને મોબાઈલ રીપેરીંગના કોર્સમાં ખૂબ તકો રહેલી છે. આ તાલીમના માધ્યમથી જરૂરી ટેકનીકલ નોલેજ પ્રાપ્ત કરી, આગળ વધવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

**SBI**ના ચીફ મેનેજર યશવંતકુમારે પૂર્ણ નિષ્ઠા અને લગન સાથે તાલીમ પ્રાપ્ત કરવા માટે જણાવ્યું હતું. આ સાથે એફએલસી શ્રી છુગાણી અને ટ્રેનર મિશ્રા પ્રસંગોચિત માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે તાલીમાર્થીઓ અને **SBI-RSETI**નો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

### ગુજરાત રાજય લલિતકલા અકાદમી અને જીલ્લા યુવા વિકાસ અધિકારી દ્વારા

# જૂનાગઢ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ચિલ્ડ્રન પેઈન્ટીંગ વર્કશોપનું આયોજન

## પેઈન્ટીંગ વર્કશોપ ભાગ લેવા માંગતા હોય તેમને તા.૨૧ જુલાઈ સુધીમાં અરજી કરવી

જૂનાગઢ, તા.૧૪

ગુજરાત રાજય લલિતકલા અકાદમી, અમદાવાદ અને જિલ્લા યુવા વિકાસ અધિકારી, જૂનાગઢ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ચિલ્ડ્રન પેઈન્ટીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવનાર છે. રમતગમત, યુવા અને સાસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજય લલિતકલા અકાદમીની કચેરી તથા જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરીઓ દ્વારા સંયુકત રીતે એક ચિલ્ડ્રન પેઈન્ટીંગ વર્કશોપનું આયોજન કરેલ છે. જેમાં ૬ થી ૧૪(જન્મ તા. ૩૧/૧૨/૨૦૨૩ને ગણવાની રહેશે) વર્ષના બાળકો ભાગ લઈ શકશે. જે બાળકો આ પેઈન્ટીંગ વર્કશોપ ભાગ લેવા માંગતા હોય તેમને તા.૨૧/૭/૨૦૨૩ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યા સુધીમાં જિલ્લાય રમત ગમત અધિકારીની કચેરી, બ્લો/ક નં. ૧/૧, બહુમાળી ભવન, સરદારબાગ, જૂનાગઢ ખાતે જરૂરી પુરાવા (આધારકાર્ડ) સાથે અરજી કરાવાની રહેશે. જેના ફોર્મ ફેસબુક આઈ.ડી. **DsoJunagadhCity** ઉપરથી મેળવી શકાશે. અરજી કરેલ બાળકોને વર્કશોપના સમય અને સ્થપળની જાણ કરવામાં આવશે. એમ જિલ્લા યુવા વિકાસ અધિકારીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# માણાવદર તાલુકાનો સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૬ જુલાઈ યોજાશે

જૂનાગઢ,તા.૧૩

મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે અને તાલુકા કક્ષાના પ્રશ્નોના ઉકેલ માટે લોકોએ તેમની ફરિયાદ રજૂ કરવા માટે ઉચ્ચ કક્ષા સુધી ન જવું પડે તે માટે તાલુકા કક્ષાએ સ્વાગત ઓનલાઈન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં માણાવદર તાલુકામાટે તા.૨૬/૭/૨૦૨૩ના સવારે ૧૧ કલાકે મામલતદાર કચેરી, માણાવદર ખાતે યોજાશે.

# ‘ગુજરાતના સ્વાદ’ ને અન્ય રાજ્યોમાં લઈ જવાનું તુલસી ટીનું આયોજન

## ગુજરાતનો બિઝનેસને કેન્દ્ર સ્થાને રાખીને તુલસી ટીને હવે કેટલાંક રાજ્યોમાં વિસ્તારી નેશનલ બ્રાન્ડ તરીકે ઉભરી આવવાનું ધ્યેય ધરાવે છે

(પ્રતિનિધિ દ્વારા)




અમદાવાદ, તા.૧૪

ચાના ઉત્તમ બગીચામાંથી શ્રેષ્ઠ ગુણવત્તા ધરાવતી ચા લાવીને ઉત્તમ ચાનો પર્યાય ગણાતી તુલસી ટી ગુજરાતની ચાના સ્વાદને અન્ય રાજ્યોમાં પહોંચાડીને નેશનલ ટી બ્રાન્ડ બનવાના ધ્યેય સાથે આગળ ધપી રહી છે. ૨૧વર્ષ કરતાં વધુ સમયથી તુલસી ટીએ એકધારી ગુણવત્તા અને સ્વાદને કારણે વિશિષ્ટ બ્રાન્ડ તરીકે ઓળખ ઉભી કરી છે. ગુજરાતીઓની સ્વાદગ્રંથીને ધ્યાનમાં રાખીને વિકસાવાયેલી તુલસી ટી પરાદેશિક સ્તરે અત્યંત પસંદગીપાત્ર ચા બની રહી છે. તુલસી ટીના મેનેજીંગ ડિરેકટર હરેશભાઈ કથરોટીયા જણાવે છે કે “ ગુજરાતને ગમતા સ્વાદને ધ્યાનમાં રાખીને અમે ચાઓફર કરી રહયા છીએ. ગુજરાત અમારૂ મહત્વનું અને મોખરાનું બજાર છે અને અમે ગુજરાતમાં અમારી હાજરી અને રિટેઈલ સ્તરે વ્યાપ વિસ્તારી રહયા છીએ. અમે મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને મુંબઈના કેટલાક વિસ્તારોમા જ્યાં ગુજરાતીઓ નિવાસ કરે છે ત્યાં મજબૂત હાજરી ધરાવીએ છીએ. તુલસી બ્રાન્ડને નેશનલ લેવલે વિસ્તારવાની અમારી યોજના છે પણ હાલમાં તો અમે જ્યાં અમારી વધુ ઉપસ્થિતિ છે ત્યાં ધ્યાન કેન્દ્રિત કરી રહયા છીએ. ક્રમશઃ અમે વધુ રાજ્યો અને અન્યદેશોમાં જ્યાં ગુજરાતી પ્રજા નિવાસ કરે છે ત્યાં પહોંચવાનો ઉદ્દેશ ધરાવીએ છીએ.’’ તુલસી ટી હાલમાં ગુજરાત, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં ૪૫૦થી વધુ વિતરકોનુ નેટવર્ક ધરાવે છે. આવિતરકો ૮૦,૦૦૦થી વધુ રિટેઈલરોને ચા પહોંચાડી રહયા છે. તુલસી ટી આ વર્ષે ગુજરાત અને અન્ય રાજ્યોમાં ૨૦ ટકા નેટવર્ક વિસ્તારીને વધુ ગ્રાહકો સુધી પહોંચવા માગે છે. શ્રી કથરોટીયાએ વધુમાં જણાવ્યું કે, અમારૂ ધ્યેય આ બ્રાન્ડને સાતત્યપૂર્વક દૂર દૂર સુધી પહોચાડવાનું છે. અમારી બ્રાન્ડ એવા સ્થળોએ પહોચી રહી છે કે જ્યાં અન્ય બ્રાન્ડઝની હાજરી નથી. અમારી આ તાકાતનો ઉપયોગ કરીને અમે અમારી બ્રાન્ડની પહોંચ અને ઉપલબ્ધી વધારતા રહીએ છીએ. તુલસી નામજ શુધ્ધતા, સાભ અને ગુણવત્તાની લાગણી ઉભી કરે છે. તુલસી ચા ઉત્તમ પ્રકારની ચાને બ્લેન્ડ કરીને તૈયાર કરવામાં આવે છે. તુલસી બ્રાન્ડે તેના સ્પર્ધકો કરતાં નોખી જ છાપ ઉભી કરી છે. તુલસી ચા વિવિધ અગ્રતા ધરાવતા ગ્રાહકોને ગ્રીન ટી અને લેમન ગ્રીન ટી ઉપરાંત ૫૬ એસકે યુસાથે ૯ સ્વાદિષ્ટ બ્લેન્ડઝ રજૂ કરે છે.

# કેશોદના રાણીંગપરા પે સેન્ટર શાળામાં વિવિધ કાર્યક્રમો યોજાયા

(ગોવિંદ હડીયા દ્વારા)



કેશોદ, તા.૧૪

હાલના વર્ષો શાળા પ્રવેશોત્સવ સમયે વાવાઝોડાની આગાહીના કારણે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમો રદ કરાયા હતા. બાદમાં પણ વધુ વરસાદની આગાહીના પગલે શાળા પ્રવેશોત્સવોનું આયોજન થઈ શક્યુ ન હતું ત્યારે કેશોદ તાલુકાના રાણીંગપરા પે સેન્ટર શાળામાં બાલવાટીકાનું નવુ ધોરણ પ્રાથમિક શાળામાં આ વર્ષે શરૂ થતાં ૨૪ બાળકોએ પ્રવેશ લીધો છે જેનું પ્રોત્સાહીત કિટ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ ધોરણ ત્રણથી આઠમાં પ્રથમ, દ્વીતીય અને ત્રીતીય નંબર મેળવનાર વિદ્યાર્થીઓને શીલ્ડ સાથે પ્રોત્સાહન પુરસ્કાર આપવામાં આવ્યો હતો તેમજ વર્ષા દરમ્યાન સૌથી વધુ હાજરી ધરાવતા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થી, વાલીઓ, ગ્રામજનોએ સાથ સહકાર આપી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો જે તમામનો શાળા પરિવાર દ્વારા આભાર વ્યક્ત કર્યો હતો.

# વૃદ્ધ મહિલાનું તેમના પરીવાર સાથે પુનઃમિલન કરાવતું સખી વન સ્ટોપ સેન્ટર જૂનાગઢ

## છેલ્લા છ માસ દરમ્યાન ૮૪ કેસોનું સુખદ સમાધાન કરાવાયું : હિંસાથી પીડિત મહિલાઓ માટે આશીર્વાદરૂપ બનતું સખીવન સ્ટોપ સેન્ટર

જૂનાગઢ, તા.૧૪

જૂનાગઢ સખીવન સ્ટોપ દ્વારા છેલ્લા છ માસ દરમ્યાન જાન્યુઆરી-૨૦૨૩ થી જૂન-૨૦૨૩ સુધીમાં સખી વન સ્ટોપ સેન્ટર જૂનાગઢ પર કુલ ૮૪ કેસો આવેલ હતા. જેમાં સેન્ટર દ્વારા જુદી જુદી સેવાઓ પૂરી પાડી, ૮૪ કેસો પૈકી તમામ કેસોનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું જેમાં ૬૨ કેસોમાં આશ્રય સહાય, ૭૭ કેસોનું સમાધાન, અને જરૂર જણાયે કેસને તબીબી સહાય, પોલીસ સહાય અને કાયદાકીય સહાય પણ અપાવવામાં આવેલ છે. તે ઉપરાંત સેન્ટર ઉપર આવેલા કેસો પૈકી જિલ્લા વહિવટી તંત્રનાં વિવિધ વિભાગોનાં સંકલન થકી રાજય બહારની પણ બે મહિલાઓનું સેન્ટર દ્વારા પરિવારમાં પુનઃસ્થાપન કરવામાં આવેલ છે.

તાજેતરમાં જ ૭૦ વર્ષીય મહિલાનું તેમના પરીવાર સાથે પુનઃમિલન જૂનાગઢ સખીવન સ્ટોપ સેન્ટર દ્વારા કરાયું હતુ. જેઓ રાજકોટના રહેવાસી હતા અને જૂનાગઢમાં પ્રસંગમાં આવેલા વૃદ્ધ મહિલાની માનસિક સ્થિતિ અસ્વસ્થ હોવાના કારણે ત્યાંથી નીકળી ગયેલ અને જૂનાગઢ બાયપાસ પાસે બેઠેલા જોઈ કોઈ જાગૃત નાગરીકે ૧૮૧ મહિલા હેલ્પ લાઈનમાં ફોન કર્યો હતો. ૧૮૧ની ટીમ દ્વારા આ વૃદ્ધ મહિલાને સખી વન સ્ટોપ સેન્ટર જૂનાગઢ ખાતે આશ્રય અપાવવામાં આવ્યો હતો. જૂનાગઢ સખી વન સ્ટોપ સેન્ટરના કર્મચારીઓ દ્વારા આ મહિલાના પરિવારની વિગતો જાણવા પ્રયત્નો કરતા તેઓ ગોંડલ ભોજપરા શેરી નંબર ૧૬નું રટણ કરતા હતા. તેથી સેન્ટરના કર્મચારીઓ દ્વારા ગોંડલના સખીવન સ્ટોપ સેન્ટરની મદદ લેવામાં આવેલ અને તેમના પરિવારનો સંપર્ક કર્યો હતો. તેમની પાસેથી જૂનાગઢમાં રહેતા સગાના ફોન નંબર મેળવી તેમની સાથે વાતચીત કરતાં વૃદ્ધ મહિલાના પરિવારના લોકોને સેન્ટર ઉપર બોલાવી વિખુટા પડેલા વૃદ્ધ મહિલાનું પરીવાર સાથે પુનઃમિલન કરાવવામાં આવ્યું હતુ.

**સખી વન સ્ટોપ સેન્ટર જૂનાગઢ દ્વારા થતી વિવિધ કામગીરી**

હિંસાથી પીડિત કોઈ પણ મહિલાને આશ્રય, તબીબી, કાનૂની, પોલીસ અને કાઉન્સેલિંગ જેવી સેવાઓ એક છત નીચે મળી રહે તેવાઉમદા હેતુથી ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં દરેક જિલ્લાઓમાં સખીવન સ્ટોપ સેન્ટર કાર્યરત કરેલ છે જે ૨૪x૭ ચાલુ રહે છે. જૂનાગઢ જિલ્લામાં જૂની સિવિલ હોસ્પિટલ, ઝનાના વિભાગ, આઝાદ ચોકમાં સખીવન સ્ટોપ સેન્ટર વર્ષ ૨૦૧૮થી કાર્યરત છે. જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસીયાના અધ્યક્ષસ્થાને રચાયેલી દેખરેખ સમિતિ દ્વારા સમયાંતરે સેન્ટરની કામગીરીનો રિવ્યૂ કરવામાં આવે છે. જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડો. ચંદ્રેશ ડી. ભાંભી આ સેન્ટરના નોડલ ઓફિસર છે.

# ઉનાના ખોડલધામ વિદ્યાર્થી આશ્રમ ખાતે રકતદાન કેમ્પ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)





ઉના, તા.૧૪

કાગવડ ગામે આવેલ ખોડલ ધામના પ્રમુખ નરેશભાઈ પટેલના ૫૮માં જન્મ દિવસ નિમિતે ઊનાના ખોડલધામ વિદ્યાર્થી આશ્રમમાં ઊના ખોડલ ધામના પ્રમુખ ધીરૂભાઈ પડશાળા, સાવલિયાભાઈ અને ડાયાભાઈ ઝાલાવડીયા અને આગેવાનોએ મહારકતદાન કેમ્પ યોજાયો હતો. આ કાર્યક્રમની શરૂઆત આનદ ગઢ ગુરૂકુળ ઊનાના સ્વામિ હરિવદન અને આગેવાનો નગરપાલિકાના ઉપ પ્રમુખ ચંદ્રેશભાઈ જોશી (રાધે), વિજયભાઈ રાઠોડ, પાનસુરીયાભાઈ, કાર્યપાલક ઈજનેર ભૂવાભાઈ વગેરે એ દીપ પ્રગટાવી પ્રારંભ કરેલ હતો જેમાં દિવ્ય જયોતિ વોલંટરી બ્લડ બેન્ક ઊના, સદજ્યોતી ચેરીટેબલ ટ્રસ્ટ અને એચ.ડી. એફ.સી. બેન્ક ઊના શાખાના સહકારથી સવારે ૮થી બપોરના ૨ વાગ્યા સુધીમાં ઉનામાં ૮૮, ગીરગઢડામાં ૧૧૧, ટીંબી ગામે ૧૦૧ રક્ત દાતાઓએ રક્તદાન કરી કુલ ૨૯૪બોટલ રક્તદાન કરી માનવતા બતાવી હતી. આ રક્ત જરૂરિયાતમંદોને આપવામાં આવશે. આ કાયક્રમને સફળ બનાવવા લેઉઆ પટેલ સમાજના તમામ કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

# ગુજરાતનું GIFT સિટી પહેલી વખત આંતરરાષ્ટ્રીય ચર્ચાનું પ્લેટફોર્મ બનશે

- જી-૨૦ દેશોના પ્રતિનિધિઓ વચ્ચે GIFT સિટી આકર્ષણનું કેન્દ્ર બનશે
- GIFT સિટીમાં 'GIFT NIFTY'ના આગમનને કારણે ગુજરાતની આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચા
- GIFT સિટીમાં G20 પ્રતિનિધિઓ વચ્ચે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર તા.૧૩

ભારતની પ્રથમ ઓપરેશનલ સ્માર્ટ સિટી અને દેશની પ્રથમ ફાયનાન્શિયલ ટેક સિટી તરીકે વિખ્યાત GIFT સિટી પહેલી વખત આંતરરાષ્ટ્રીય ચર્ચાનું પ્લેટફોર્મ બનવા જઈ રહ્યું છે. ભારતની જી-૨૦ અધ્યક્ષતા અંતર્ગત ગુજરાતમાં ફાયનાન્સ અને સેન્ટ્રલ બેંકના ઉપ પ્રમુખોની ત્રીજી બેઠક આયોજિત થવા જઈ રહી છે. આ બેઠકના એક ભાગ તરીકે 'ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટર્સ ડાયલોગ એટ GIFT સિટી' પર મીટિંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં જી-૨૦ દેશોના મુખ્ય પ્રતિનિધિઓ, નાણા મંત્રીઓ અને કેન્દ્રીય બેંકના ગવર્નરો સામેલ થશે. આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેશે.

GIFT એટલે કે ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી એ ભારતનું પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસિસ સેન્ટર સાથેનું બહુવિધ-સેવા વિશેષ આર્થિક ક્ષેત્ર છે. IFSC એ માત્ર ભારત માટે જ નહીં, પરંતુ વિશ્વ માટે, એક નાણાકીય અને ટેક્નોલોજી સેવાઓના એકીકૃત કેન્દ્ર તરીકે GIFT સિટીમાં સ્થિત છે.

ઉલ્લેખનીય છે કે આ બેઠકના થોડા દિવસ પહેલા જ ગુજરાતે આંતરરાષ્ટ્રીય સ્તરે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. સિંગાપોરથી ઓપરેટ થતું સિંગાપોર જોઈન્ટ એક્સચેન્જ (જીપ્થ નિફ્ટી) હવે સંપૂર્ણપણે ગિફ્ટ સિટીમાં શિફ્ટ થઈ ગયું છે અને હવે તેનું સંચાલન ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસિસ સેન્ટરથી શરૂ થઈ ગયું છે.

SGX નિફ્ટી ભારતના નેશનલ સ્ટોક એક્સચેન્જના નિફ્ટી ઈન્ડેક્સ પર આધારિત છે અને ભારત અને સિંગાપોરના મૂડી બજારોને જોડતી પ્રથમ ક્રોસ બોર્ડર (આંતરરાષ્ટ્રીય) પહેલ છે. સિંગાપોર એક્સચેન્જપરથી ઈન્ટરનેશનલએક્સચેન્જ ઓફ NSE (NSE IX)ના ટ્રાન્સફર સાથે, તેનું નામ GIFT નિફ્ટી રાખવામાં આવ્યું છે.

જીપ્થ નિફ્ટીમાં શિફ્ટ થવાની સાથે જ, અંદાજે ઈ૭.૫ બિલિયનન મૂલ્યના ડિનોમિનેટેડ કોન્ટ્રાક્ટના ટ્રેડ્સ પણ હવે સીધા ગુજરાતના ગૈંહ્વ સિટીમાંથી હાથ ધરવામાં આવે છે. આ ટ્રેડની વિદેશી તેમજ ભારતની નાણાકીય સંસ્થાઓ અને ભારતીય અર્થતંત્ર પર સકારાત્મક અસર પડશે. ગુજરાતની આ સિદ્ધિ G20 બેઠક દરમિયાન GIFT સિટીની મુલાકાત લેનારા G20 દેશોના પ્રતિનિધિઓમાં ચર્ચાનો વિષય બની રહી છે.

ભારતને વૈશ્વિક નાણાકીય હબ તરીકે સ્થાપિત કરવાના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને અનુરૂપ GIFT સિટીની સ્થાપના અને વિકાસ કરવામાં આવ્યો છે. વર્તમાનમાં GIFT સિટીમાં ઘણી પ્રમુખ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ આવેલી છે. તેમા IFSC એરિયામાં ૩૫ ફિનટેક એન્ટીટીઝ, ૨ ઈન્ટરનેશનલ સ્ટોક એક્સચેન્જ, ૧ મલ્ટીલેટરલ બેંક, ૧ બુલિયન એક્સચેન્જ, ૨૩ ઈન્ટરનેશનલ બેન્કીંગ કેન્દ્રો, ૬૩ ફન્ડ મેનેજમેન્ટ, ૨૪ એરક્રાફ્ટ લિઝીંગ અને ફાયનાન્સિંગ એન્ટીટીઝ, અને ૬૪ આનુષંગિક સેવાઓ ઉપલબ્ધ છે. એટલું જ નહીં, વર્તમાનમાં GIFT સિટીમાં એવરેજ દૈનિક ટ્રેડિંગ વૉલ્યૂમ US $30.6 બિલિયન અને ક્યૂમ્યુલેટિવ એસેટ સાઈઝ US $૩૬.૫ બિલિયન છે.

GIFT સિટી એ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મહત્વપૂર્ણ પ્રાથમિકતાઓ પૈકી એક છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર GIFT સિટીને દેશ અને વિશ્વ સમક્ષ એક એવા ફાયનાન્શિયલ વર્ક કલ્ચરવાળા કોમર્શિયલ એરિયા તરીકે તૈયાર કરી રહી છે, જે લીડિંગ ગ્લોબલ ફાયનાન્શિયલ હબ્સની સમકક્ષ છે અને તે વધુ અનુકૂળ બિઝનેસ ઈકોસિસ્ટમ પ્રદાન કરી શકે છે.

ગુજરાત સરકારને આશા છે કે G20અંતર્ગત આયોજિત થનારી બેઠકના લીધે, GIFT સિટીની આ વિશેષતાઓ જે તે દેશોના પ્રતિનિધિઓને તેમની ફાઈનાન્શિયલ ટ્રેડિંગની પ્રવૃત્તિઓને ગુજરાતમાં શિફ્ટ કરવા માટે આકર્ષિત કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું બ્રેન ચાઈલ્ડ GIFT સિટી આજે એક રાષ્ટ્રીય મહત્વનો પ્રોજેક્ટ બની ગયો છે, અને જેમ-જેમ દેશ એક વિકસિત રાષ્ટ્ર બનવાના સપનાને સાકાર કરવા તરફ અગ્રેસર થઈ રહ્યો છે, તે ભારતની વિકાસ ગાથાનું એક અભિન્ન અંગ બની રહ્યો છે.

## તંત્રી લેખ

# ૨૦૫૦ સુધીમાં સવા સાત કરોડ લોકો કુપોષણનો ભોગ બનશે

આંતરરાષ્ટ્રીય ખાદ્ય નીતિ અનુસંધાન સંસ્થા દ્વારા જારી વૈશ્વિક ખાદ્ય નીતિ રિપોર્ટ અનુસાર જળવાયુ પરિવર્તનને કારણે ૨૦૫૦ સુધીમાં સવા સાત કરોડ લોકો કુપોષિત હશે. ખાદ્ય સંકટ પ્રત્યે ચેતવતો આ રિપોર્ટ દર્શાવે છે કે ૪૫ દેશોના ૨૦ કરોડથી પણ વધારે લોકો ખાદ્ય સંકટનો સામનો કરી રહ્યા છે. એવામાં જળવાયુ પરિવર્તન વિરુદ્ધ ઠોસ કાર્યવાહીના અભાવે ભૂખ સંબંધી સમસ્યાઓનો ખતરો વધવા તથા દેશનો સામાજિક-આર્થિક વિકાસ પ્રભાવિત થવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે. કૃષિગત ઉત્પાદન અને જળવાયુ પરિવર્તનને ગાઢ સંબંધ છે. એક તરફ ખાદ્ય પ્રણાલી વૈશ્વિક ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન માટે એક તૃતિયાંશ હિસ્સા માટે જવાબદાર છે તો બીજી તરફ જળવાયુ પરિવર્તને ખાદ્યાન્નોની ગુણવત્તા અને માત્રાને પણ પ્રભાવિત કરી છે. ઉત્પાદિત પાકની ગુણવત્તા અને માત્રામાં ઘટાડાને કારણે ખાદ્ય અસુરક્ષા અને કુપોષણનો ખતરો ભયાવહ થતો જાય છે. વધતા વૈશ્વિક તાપમાનને કારણે સંપૂર્ણ આબાદીને ખવડાવા માટે પૂરતું પોષણ અને ગુણવત્તાયુક્ત ભોજનને વિકસિત કરવાની ધરતીની ક્ષમતા પણ ઘટતી જાય છે.

ચોમાસાની અનિયમિતતા અને જળસ્રોતો સૂકાવાથી પાકની પેદાશ પ્રભાવિત થઈ રહી છે. ખાદ્ય ઉત્પાદનમાં ઘટાડો થવાથી ખાદ્ય પદાર્થોના ભાવમાં વધારો થાય છે, જેનાથી એક મોટો વર્ગ પોષણથી વંચિત થઈ જાય છે. બીજી તરફ પીવાના પાણીની ગુણવત્તા અને ઉપલબ્ધતામાં ઘટાડાથી શરીરમાં પાણી દ્વારા પોષણની પૂર્તિ બાધિત થાય છે. જળવાયુપરિવર્તનને કારણે ચરમ હવામાને કારણે બાળકોમાં કુપોષણ અને અસામયિક મોતના કિસ્સા વધતા જાય છે. જલવાયુ પરિવર્તન ગ્રામીણ મહિલાઓ અને છોકરીઓના પોષણ અને સ્વાસ્થ્યને પણ પ્રભાવિત કરે છે, કારણ કે ઈંધણ અને પાણીની શોધમાં તેમણે વધુ સંઘર્ષ કરવો પડે છે. પર્યાપ્ત પોષણના અભાવે એમના પર કુપોષણનો ખતરો વધી જાય છે. ત્યાં જ જળવાયુ પરિવર્તનને કારણે વિસ્થાપિત થનારા લોકો પણ મોટાભાગે પર્યાપ્ત અને સતત પોષણ આપૂર્તિથી વંચિત રહી જાય છે. આ સંદર્ભે વિશ્વ ખાદ્ય કાર્યક્રમનું કહેવું છે કે જળવાયુ પરિવર્તનને પહોંચી વળવાના અભાવમાં ૨૦૫૦ સુધી ભૂખ અને કુપોષણના ખતરામાં ૨૦ ટકાનો વધારો થઈ શકે છે. કુપોષિત વ્યક્તિની રોક પ્રતિરોધક ક્ષમતા ઘટી જા છે, જેનાથી તે ઉત્પાદક માનવસંસાધન રૂપે પરિણત નથી થઈ શકતી. તે પરિવાર, સમાજ અને દેશ માટે બોજ બની જાય છે. તેથી નાગરિકોને કુપોષણથી બચાવવા માટે ખાદ્યાન્ન ઉત્પાદન અને તેના સમુચિત વ્યવસ્થાપન પર ભાર મૂકવો જોઈએ. તેના માટે એ પણ જરૂરી છે કે જળવાયુ પરિવર્તન પ્રત્યે પોતાની હિસ્સેદારીને ઓછી કરવામાં આવે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

નમ્રતા બુધ્ધિમતાનું જ એક અંગ છે.

- સ્વામી રામતીર્થ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૨, મુ. જીલ્હજ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અષાઢ વદ-૧૨, તા.૧૪ જુલાઈ ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૩, મુસ્લિમ તા.૨૫, રોહિણી નક્ષત્ર, ગંડ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૧૪, સૂ.અ.૭:૩૯
આજનો દિવસ સાધારણ છે.
આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મોઢે આવેલો કોળીયો છીનવાઈ જાય. વ્યર્થ ક્રોધથી દૂર રહેવું હિતાવહ.
વૃષભ: સંપત્તિને લગતા કાર્યો સફળ થાય. આરોગ્ય અંગે સંભાળવું.
મિથુન: માનસિક ચિંતા અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.
કર્ક: નવિન ઓળખાણ લાભદાયી નીવડે. પ્રવાસમાં વિઘ્ન આવે.
સિંહ: પ્રવાસથી લાભ થાય. પરિશ્રમનું શુભ ફળ મળે.
કન્યા: કૌટુંબિક ચિંતા વિશેષ રહે. ગૃહવિવાદના ભોગ બનવું પડે.
તુલા: સમસ્યાનો ઉકેલ મળે. ઉન્નતિની આશા ફળદાયી નીવડે.
વૃશ્ચિક: ગુપ્ત ચિંતા સતાવે. મનમાં મૂંઝવણ રહે.
ધન: ધાર્યા કાર્યોમાં વિલંબ થાય. આર્થિક લેવડ-દેવડમાં સાવચેત રહેવું.
મકર: ખર્ચનો પ્રસંગ બને. પડવા-વાગવાથી સંભાળવું.
કુંભ: કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ બર આવે.
મીન: કૌટુંબિક ક્ષેત્રે પ્રતિકૂળતા રહે. હિતશત્રુઓથી સાવધ રહેવું.

# એસ. કે. લાંગા ધરપકડથી બચવા પૂર્વ પ્રધાનના ફાર્મ હાઉસમાં છુપાયો હતો

અમદાવાદ,તા.૧૩

રૂપિયા ૧૦ હજાર કરોડના જમીન કૌભાંડમાં પૂર્વ IAS એસ.કે લાંગાની પૂછપરછમાં સૌથી મોટો ઘટસ્ફોટ થયો છે. પૂર્વ IAS એસ.કે. લાંગાએ ધરપકડથી બચવા કોંગ્રેસના પૂર્વ પ્રધાનના ફાર્મ હાઉસમાં આશરો લીધો હતો. કોંગ્રેસ નેતા બી.કે.ગઢવીના આબુના ફાર્મ હાઉસમાં પૂર્વ IAS એસ.કે.લાંગા સંતાયો હતો. ત્યારે લાંગાને આશરો આપનારાઓ સામે પણ ગુનો નોંધાઈ શકે છે. એસ.કે. લાંગાને ઝડપી પાડવા પોલીસે એક ખાસ ઓપરેશન હાથ ધર્યું હતું. પોલીસે વેશ પલટો કરીને વીજ કંપનીના કર્મચારી બની ફાર્મ હાઉસમાં પ્રવેશ્યા હતા. જ્યાં લાંગા ઉપસ્થિત હોવાથી તેને ઝડપી પાડવામાં આવ્યો હતો. તપાસમાં સામે આવ્યું છે કે લાંગાની સેવા માટે એક નોકર પણ તૈનાત કરાયો હતો. ફાર્મહાઉસમાંથી એક શંકાસ્પદ કાર પણ મળી આવી છે. જે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે.

# ભારતીય સંસ્કૃતિને શોભે તેવા વસ્ત્રો પહેરેલ હશે તેમને જ દ્વારકાધીશ મંદિરમાં પ્રવેશ

દ્વારકા,તા.૧૪

ગુજરાતનું પ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકા હિન્દુ ધર્મનું પ્રમુખ તીર્થધામ છે. અહી રોજ હજારો ભક્તો ભગવાન દ્વારકાધીશના દર્શન કરતા હોય છે. ત્યારે હવે દ્વારકા મંદિરમાં આવતા ભક્તો પર એક મોટો પ્રતિબંધ મૂકાયો છે. મંદિરમાં આવતા યાત્રિકોને ટૂંકા વસ્ત્રો સાથે પ્રવેશ પર પ્રતિબંધ મૂકાયો છે. આ સાથેનું એક બોર્ડ મંદિરની બહાર લગાવવામા આવ્યું છે. મંદિરના બહાર બોર્ડ મૂકાયું કે, ભારતીય સંસ્કૃતિને શોભે તેવા વસ્ત્રો પહેરેલ હશે તેમને જ દ્વારકાધીશ મંદિરમાં પ્રવેશ મળશે. ભાવિકની લાગણીને ઠેસ ન પહોંચે તે માટે નિર્ણય લેવાયો છે. આ નિર્ણય અંગે તંત્ર દ્વારા અનેક ભાષા સાથે માહિતગાર કરવા બેનરો મંદિરોમાં વિવિધ સ્થળે લગાવવામાં આવ્યા છે. સ્થાનીક તંત્ર, હોટેલ માલિકો, રીક્ષા ચાલકો તેમજ સ્થાનિક નાગરીકો પણ આવતા પ્રવાસીઓને આ નિર્ણય અંગે માહિતગાર કરવા તંત્ર દ્વારા અનુરોધ કરાયો છે. યાત્રાધામ દ્વારકામાં આવતા યાત્રાળુઓને ભારતીય સંસ્કૃતિ અનુસાર વસ્ત્રો પહેરવા અંગે તંત્ર દ્વારા કડક સૂચના આપવામાં આવી છે. બનાસકાંઠાના અંબાજી મંદિરમાં ટૂંકા વસ્ત્રો પહેરેલા ભક્તોને પ્રવેશ આપવા નહીં આવે તેવો નિયમ છે. અંબાજી મંદિર ટ્રસ્ટે મંદિરના પ્રવેશ દ્વાર પર બોર્ડ લગાવીને આ અંગેની માહિતી આપી છે. તો શામળાજી મંદિરમાં પણ ટૂંકા વસ્ત્રો પહેરીને આવતા દર્શનાર્થીઓના પ્રવેશ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક વર્ષોથી યુવક-યુવતીઓ પાશ્ચાત્ય પહેરવેશના મોહમાં, ફેશનેબલ દેખાવા ટૂંકા કપડાં પહેરીને મંદિરોમાં જાય છે. આવા સમયે યુવક-યુવતીઓને મંદિરમાં જતા રોકવામાં આવતા વિવાદ થાય છે. પરિણામે મંદિરોમાં ભગવાનના દર્શન માટે ડ્રેસ કોડ લાગુ કરવાની ભલામણ સમાજના ચોક્કસ વર્ગમાંથી કરવામાં આવતી હતી. દેશના અનેક મંદિરોમાં એવા નિયમો છે કે, જેમનું શરીર ૮૦ ટકા સુધી ઢંકાયેલું હશે તેમને જ મંદિરમાં પ્રવેશ અપાશે. તો વિવિધ મંદિરોએ ડ્રેસકોડ પણ લાગુ કર્યો છે. મંદિરના સત્તાવાળાઓ ભક્તોને વિનંતી કરે છે કે, મહેરબાની કરીને ટૂંકાં વસ્ત્રો પહેરીને મંદિરમાં આવતા નહીં. જોકે કોઈ ભાવિક મીની સ્કર્ટ કે બર્મુડા પહેરીને આવી જાય તો કેટલાક મંદિરોમાં પીતાંબર અને ધોતીની વ્યવસ્થા કરવામાં આવી છે. તો મહિલાઓ માટે દુપટ્ટાની વ્યવસ્થા કરવામા આવે છે.

# અમદાવાદથી મુન્દ્રા હવે માત્ર ૨ કલાકમાં પહોંચાશે



## અમદાવાદમાં પણ હવે આગામી સમયમાં એર ટેક્સી શરુ થશે

અમદાવાદ,તા.૧૪

વિદેશની જેમ જ હવે ગુજરાતીઓ પણ એક શહેરથી બીજા શહેર જવા માટે એર ટેક્સીનો ઉપયોગ કરી શકશે. આગામી દિવસોમાં અમદાવાદ એરપોર્ટ પર હવાઈ ટેક્સી શરુ થવા જઈ રહી છે. ઉડાન યોજના હેઠળ અમદાવાદ એરપોર્ટ પરથી હવાઈ ટેક્સી શરૂ કરવામાં આવશે. મીડિયા રિપોર્ટસ અનુસાર જુલાઈ મહિનાના અંત સુધીમાં હવાઈ ટેક્સીની સેવા શરુ થઈ શકે છે. અમદાવાદ એરપોર્ટ પર પેસેન્જર ટ્રાફિક વધતા ઉડાન રિજનલ કનેક્ટિવિટીની યોજના હેઠળ ની પહેલ કરવામાં આવી છે. એર ટેક્સી નામની કંપની દ્વારા ગુજરાતમાં હવાઈ ટેક્સીની સેવા પૂરી પાડવામાં આવશે. હવાઈ ટેક્સી સેવાની શરુઆતના પ્રથમ ફેઝમાં મુન્દ્રા સુધી સેવા પૂરી પાડવામાં આવશે. જ્યારે બીજા ફેઝમાં દીવ, અમરેલી, ભાવનગર સહિતના સૌરાષ્ટ્રના રુટ્સને આવરી લેવામાં આવશે. આ ઉપરાંત ગુજરાતના તમામ પર્યટન સ્થળોને પણ આવરી લેવામાં આવે તેવી સંભાવના છે.એરલાઈન કંપનીને નુકસાન ન જાય અને ઓપરેટિંગ ખર્ચ નીકળી જાય તેવા પણ પ્રયાસો પણ હાથ ધરવામાં આવશે. જેના પગલે એર ટેક્સી સપ્તાહમાં છ દિવસ ચાલશે અને પ્રથમ ફ્લાઈટ દિવસમાં ત્રણ વખત મુન્દ્રા આવન જાવન કરશે. હવાઈ ટેક્સીમાં અમદાવાદ થી મુન્દ્રા જવાનું ભાડું લગભગ ૨૦૦૦ થી ૨૫૦૦ રુપિયા હોવાનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. જો અમદાવાદથી મુન્દ્રાના બાયરોડ અંતરની વાત કરીએ તો ૩૪૨ કિમી છે. જેનું અંતર કાપતા ૭ કલાકનો સમય લાગે છે. જ્યારે હવાઈ ટેક્સી દ્વારા તમે ૩ કલાકમાં જ અંતર કાપી શકશો. તો દક્ષિણ ભારતની એર ટેક્સી કંપની ટેકનો ૨૦૬ પ્રકારના નાના ચાર સીટર એરક્રાફ્ટનો ઉપયોગ કરશે. જેમાં એક કેપ્ટન અને ત્રણ પેસેન્જર બેસી શકશે છે. કંપનીએ એરક્રાફ્ટ દુબઈથી ખરીદી એન એસ પી થી લઈ ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ઢ્ય્ઝ્રછ)ની મંજૂરી મેળવી છે. હાલમાં એરક્રાફ્ટને હુબલી એરપોર્ટ પર પાર્ક કરવામાં આવ્યા છે. પરંતુ હજુ અમદાવાદ એરપોર્ટ પર પાર્ક કરવા માટે એરપોર્ટ ઓપરેટરની મંજૂરીની રાહ જોવાઈ રહી છે.

# ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના નવા પ્રમુખ તરીકે અજય પટેલે ચાર્જ સંભાળ્યો

અમદાવાદ,તા.૧૪ : ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના નવા પ્રમુખ તરીકે અજય પટેલે કાર્યભાર સંભાળ્યો છે. ચેમ્બરના પ્રમુખ તરીકે અજય પટેલ તથા અન્ય હોદ્દેદારોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં શપથગ્રહણ કર્યા. GCCIના હોદ્દેદારો માટેની ચૂંટણી સમરસ થઈ છે. તમામ હોદ્દેદારો બિનહરીફ ચૂંટાતા પ્રમુખ તરીકે અજય પટેલે કાર્યભાર સંભાળ્યો છે. તો GCCIના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ તરીકે એસ્ટ્રલ પાઈપ્સના સંદીપ એન્જિનિયર અને વાઈસ પ્રેસિડેન્ટ તરીકે મિહિર પટેલે પદ સંભાળ્યું છે.ચાર્જ સંભાળ્યા બાદ અજય પટેલે કહ્યું કે, વડાપ્રધાન મોદી અને અમિત શાહનું સપનું છે કે દેશની ઈકોનોમી ફાઈવ ટ્રીલીયન બનાવવી, જેમાં GCCI સક્રિય ભૂમિકા ભજવશે.

# બાબુભાઈ દેસાઈના માધ્યમથી ભાજપે રાજ્યમાં અનેક સમીકરણો સાધવાનો પ્રયાસ કર્યો



ગાંધીનગર,તા.૧૪

ગુજરાતમાં આવતા મહિનાથી ખાલી થઈ રહેલી રાજ્યસભાની ત્રણ બેઠકો માટે મોટા નામો ચર્ચામાં હતા, પરંતુ પાર્ટીએ બનાસકાંઠા અને ઊંઝા સાથે સંકળાયેલા બાબુભાઈ દેસાઈને રાજ્યસભામાં મોકલવાનો નિર્ણય લીધો છે. દેસાઈના માધ્યમથી પાર્ટીએ રાજ્યમાં અનેક સમીકરણો સાધવાનો પ્રયાસ કર્યો છે. ગુજરાતમાં ભાજપમાંથી રાજ્યસભામાં કોણ જશે? આ અંગે ઘણા સમયથી સસ્પેન્સ હતું. રાજ્યની રાજનીતિમાં નો-રિપીટ થિયરી પછી બહાર થઈ ગયેલા તમામ મોટા નામોના આ ચહેરાઓને પસંદ કરીને ભાજપે ફરી એકવાર લોકોને ચોંકાવી દીધા છે, પરંતુ લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને એક તીરે અનેક નિશાન તાક્યા છે. ભાજપે એક રણનીતિ હેઠળ ગુજરાતના રબારી સમાજના ભામાશા બાબુભાઈ દેસાઈ પર દાવ લગાવ્યો છે. બાબુભાઈ દેસાઈને રાજ્યસભામાં મોકલીને ભાજપ રાજ્યના પશુપાલક રબારી સમાજને ખુશ કરવાનો પ્રયાસ કરી રહી છે. રબારી સમાજ ઓબીસી કેટેગરીમાં આવતો હોવાથી પાર્ટીએ ઁમ્ઝ્ર સમાજને સાધવાનો પ્રયાસ કર્યો છે. ત્રીજું સૌથી મોટું કારણ એ છે કે બાબુભાઈ દેસાઈ ધાર્મિક વૃત્તિના માણસ છે અને દ્વારકાધીશ મંદિર માટે ઘણું દાન આપ્યું છે. આવી સ્થિતિમાં પાર્ટીને લાગે છે કે તેમની ઉમેદવારીથી એકંદરે સારો સંદેશ જશે. આ બધા સિવાય બાબુભાઈ દેસાઈ પોતે બનાસકાંઠા જિલ્લાના કાંકરેજમાંથી જીતીને એક વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે. આ બેઠક પાટણ લોકસભામાં આવે છે. હાલ આ બેઠક કોંગ્રેસ પાસે છે. આવા સંજોગોમાં ઉત્તર ગુજરાતની પાટણ લોકસભા બેઠક પર કાંકરેજના પૂર્વ ધારાસભ્યને તક આપીને પક્ષે ચૂંટણીના સમીકરણને સરળ બનાવ્યું છે. ભાજપના અન્ય દાવેદારોને પણ બાબુભાઈ દેસાઈની ઉમેદવારીથી કોઈ વાંધો નથી કારણ કે બાબુભાઈ માત્ર ભાજપના સમર્પિત નેતા અને કાર્યકર નથી પરંતુ તેઓ પક્ષને અનેક પ્રસંગોએ આર્થિક મદદ પણ કરતા રહ્યા છે. આવી સ્થિતિમાં બાબુભાઈ દેસાઈના નામ પર કોઈ આંગળી ચીંધી શકે એમ નથી. આ બધા સિવાય બાબુભાઈ દેસાઈ ત્રણ સ્થળો સાથે સંબંધિત છે. દેસાઈ મૂળ બનાસકાંઠાના કાંકરેજ તાલુકાના ઉમરીના વતની છે. દેસાઈનો જન્મ ૧ જૂન ૧૯૫૭ના રોજ આ ગામમાં થયો હતો. દેસાઈ હવે અમદાવાદના સોલા રોડ પર ગુલાબ ટાવર પાસે ભગવતીનગર સોસાયટીમાં તેમના નિવાસસ્થાને રહે છે, પરંતુ મૂળ નિવાસ ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકામાં મકતુપુરમાં છે. આવી સ્થિતિમાં ત્રણ અલગ-અલગ વિસ્તારોમાં તેમની હાજરી છે. એસએસસી સુધી અભ્યાસ કર્યા બાદ બાબુભાઈ દેસાઈ ખેતી, પશુપાલન સાથે જમીન વિકાસ અને મકાન બાંધકામ ક્ષેત્રે સક્રિય છે. અમદાવાદમાં એસજી હાઈવે પર આવેલ ઈસ્કોન મંદિરની સરમાઉન્ટ બિલ્ડીંગ તેમની મુખ્ય ઓફિસ છે. બાબુભાઈ પોતાની અંગત કમાણી સામાજિક અને ધાર્મિક કાર્યોમાં ખર્ચી રહ્યા છે. દેસાઈને ધાર્મિક પ્રસંગોમાં ખૂબ રસ છે. તેઓ ભૂતકાળમાં બાગેશ્વર ધામ સરકાર ધીરેન્દ્ર શાસ્ત્રીને મળ્યા હતા અને તેમના આશીર્વાદ લીધા હતા. દેસાઈ તુલસી વિવાહ, રમેશભાઈ ઓઝાની ભાગવત કથા, ભોજન પ્રસાદ, મહા વિષ્ણુ યજ્ઞ, રામરોટી અન્નક્ષેત્ર, દ્વારકાધીશ મંદિરની મૂર્તિનું સોના અને ચાંદીનું સિંહાસન, ૯ દિવસીય પાયલોટ બાબા યજ્ઞ, ૧૦૮ અને યજમાન જેવા અનેક ધાર્મિક કાર્યક્રમો માટે અગાઉ દાન આપી ચૂક્યા છે. દ્વારકાધીશ મંદિર ધ્વજ ફરકાવવામાં પણ દેસાઈ આગળ છે. ગુજરાતમાં દેસાઈ ખાસ કરીને દ્વારકાધીશ મંદિર પ્રત્યેની તેમની ભક્તિ અને દાન માટે પ્રસિદ્ધ છે.

# મોદી સરકારનું શાળા સર્વેક્ષણ દર્શાવે છે કે, ભારતના ૬૦% જિલ્લાઓ ડિજિટલ લર્નિંગમાં ૩૦% કરતા ઓછા સ્કોર ધરાવે છે

નવી દિલ્હી, તા.૧૪

ભારતમાં સરકારી શાળાઓમાં ડિજિટલ લર્નિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને જિલ્લાઓ માટેના સંયુક્ત પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ **(PGI-D)**માં રેન્કિંગ આપવામાં આવ્યું હતું. ભારતના ૬૫ ટકાથી વધુ અથવા પાંચમાંથી ત્રણ જિલ્લાઓને સૌથી નીચા ત્રણ ગ્રેડમાં રાખવામાં આવ્યા છે. ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ શૈક્ષણિક વર્ષ માટે શિક્ષણ મંત્રાલય દ્વારા આ આંકડા શુક્રવારે જાહેર કરવામાં આવ્યા છે. **PGI-D**એ શિક્ષણ મંત્રાલય દ્વારા હાથ ધરવામાં આવતું વાર્ષિક મૂલ્યાંકન છે, જે શિક્ષણના પરિણામો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિજિટલ લર્નિંગ જેવા સૂચકાંકોના આધારે શ્રેષ્ઠ ''દક્ષ''થી સૌથી ખરાબ ''આકાંશી-૩'' સુધી જિલ્લાઓને ૧૦ ગ્રેડમાં ક્રમાંકિત કરે છે. ગ્રેડિંગ ૮૩ સૂચકાંકોમાં ૬૦૦ પોઈન્ટના કુલ ભારણ ઉપર કરવામાં આવે છે, જે છ શ્રેણીઓ અને ૧૨ ડોમેન્સ હેઠળ જૂથબદ્ધ છે. ડિજિટલ લર્નિંગનું ગ્રેડિંગમાં ૫૦ પોઈન્ટનું છે.

કોવિડ-૧૯ રોગચાળાને ધ્યાનમાં રાખીને અને ઓનલાઈન શિક્ષણની આવશ્યકતાને ધ્યાનમાં રાખીને આ વર્ષે બહાર પાડવામાં આવેલા પર્ફોર્મન્સ ઈન્ડેક્સમાં પેરામીટરને નવા ડોમેન તરીકે ઉમેરવામાં આવ્યું હતું અને તેમાં જિલ્લાઓએ સૌથી ખરાબ પ્રદર્શન કર્યું હતું. ''દક્ષ'' જિલ્લાઓ એવા છે કે જેઓ એકંદરે અથવા ચોક્કસ પરિમાણમાં ૯૦ ટકાથી વધુ ગુણ મેળવે છે, જ્યારે ''આકાંશી-૩'' ૧૦ ટકાના સ્કોરવાળા જિલ્લાઓ છે.

આ બે ગ્રેડની વચ્ચે, ''ઉત્કર્ષ'' (૮૧-૯૦ ટકાનો સ્કોર), ''અતિ ઉત્તમ'' (૭૧-૮૦ ટકાનો સ્કોર), ''ઉત્તમ'' (૬૧-૭૦ ટકાનો સ્કોર), ''પ્રચેસ્તા-૧'' (૫૧થી ૬૦ ટકા), ''પ્રચેસ્ટા-૨'' (૪૧થી ૫૦ ટકાનો સ્કોર), ''પ્રચેસ્ટા૩'' (૩૧થી ૪૦ ટકાનો સ્કોર), ''આકાંશી-૧'' (૨૧થી ૩૦ ટકાનો સ્કોર) અને '' આકાંશી-૨'' (૧૧થી ૩૦ ટકાનો સ્કોર) છે. એક અહેવાલ મુજબ, ૨૦૨૧-૨૨માં કુલ ૭૪૮ જિલ્લાઓમાંથી ૪૮૯ ડિજીટલ લર્નિંગ પેરામીટરમાં નીચેના ત્રણ ગ્રેડમાં સ્થાન પામ્યા હતા. જ્યારે ડિજિટલ લર્નિંગ પેરામીટર આ વર્ષે ગ્રેડમાં રજૂ કરવામાં આવ્યું હતું, ત્યારે ૨૦૨૮-૧૯ શૈક્ષણિક વર્ષથી ડેટા એકત્રિત કરવામાં આવ્યો છે. દેશમાં ડિજિટલ શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારના પ્રયાસો છતાં નિરાશાજનક સ્કોર્સ આવ્યા છે. ૨૦૨૩ના બજેટ સત્રમાં, મોદી સરકારે **PM E**-વિદ્યાના ''એક વર્ગવન ટીવી ચેનલ'' કાર્યક્રમને ૧૨થી ૨૦૦ ટીવી ચેનલો સુધી વિસ્તરણ કરી છે રાજ્ય સરકારો ધોરણ ૧થી ૧૨ માટે પ્રાદેશિક ભાષાઓમાં પૂરક શિક્ષણ પ્રદાન કરે છે.

**PM** e-વિદ્યા એ એક પ્લેટફોર્મ ઉપર તમામ વિદ્યાર્થીઓ માટે સરળતાથી સુલભ શિક્ષણને ડિજિટલ અથવા ઑનલાઈન બનાવવા માટે કેન્દ્ર સરકારની પહેલ છે. કેન્દ્રીય બજેટમાં પણ ૨૦૨૧-૨૨માં રૂા.૨૯,૯૯૯ કરોડથી ૨૦૨૨-૨૩માં સમગ્ર શિક્ષા માટેની ફાળવણી વધારીને રૂા. ૩૭,૩૮૩ કરોડ કરવામાં આવી છે. ૨૦૨૧-૨૨માં ચંદીગઢ અને પંજાબ એકંદરે સર્વશ્રેષ્ઠ પર્ફોર્મર તરીકે ઉભરી આવ્યા હતા. કેરળ અને મહારાષ્ટ્ર, જેઓ પંજાબની સાથે ૨૦૨૦-૨૧ના ટોચના પ્રદર્શન કરનારાઓમાં હતા. ૨૦૨૦-૨૧માં કેરળ, પંજાબ અને મહારાષ્ટ્રે અતિ-ઉત્તમમાં સર્વોચ્ચ ક્રમાંક મેળવ્યો હતો. દિલ્હીએ તેનું પ્રદર્શન સુધાર્યું અને ૨૦૨૦-૨૧માં આઠમા સ્થાનેથી ૨૦૨૧-૨૨માં ત્રીજા સ્થાને પહોંચી ગયું છે. જો કે, ૨૦૨૦-૨૧ અથવા ૨૦૨૧-૨૨માં કોઈપણ રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ ઉચ્ચતમ ગ્રેડ પ્રાપ્ત કરી શક્યું નથી. સૌથી ઓછું પ્રદર્શન કરનારા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો એકંદરે અરૂણાચલ પ્રદેશ, મેઘાલયર અને મિઝોરમ હતા. કેટલાક રાજ્યો કે જેમણે છેલ્લા બે વર્ષમાં ડિજિટલ લર્નિંગ સૂચક ઉપર ખરાબ પ્રદર્શન કર્યું છે,



તેમાં મણિપુર, મેઘાલય, અરૂણાચલ પ્રદેશ અને આસામર છે. ડિજિટલ લર્નિંગ પેરામીટર ઉપર ઓછા સ્કોર ધરાવતા અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં બિહાર, ઓડિશા, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, તેલંગાણા, છત્તીસગઢ, જમ્મુ અને કાશ્મીર અને ઝારખંડનો સમાવેશ થાય છે. આ તમામ રાજ્યોને ડિજિટલ લર્નિંગના સંદર્ભમાં રેન્કિંગમાં સૌથી નીચા ત્રણ ગ્રેડમાં રેટ કરવામાં આવ્યા હતા.

સમાન ડિજિટલ લર્નિંગ માટે સરકારના પ્રયાસો છતાં, કેટલાક જિલ્લાઓએ કેટલાક પરિમાણો, ખાસ કરીને ડિજિટલ લર્નિંગ પર ઓછું પ્રદર્શન કર્યું છે. અહેવાલમાં જણાવાયું હતું કે, છેલ્લા બે વર્ષમાં, કોવિડ રોગચાળાએ આવી કોઈપણ કટોકટીનો સામનો કરવા માટે ઘરે બેઠા શિક્ષણ ચાલુ રાખવા માટે મુખ્ય પ્રવાહના શિક્ષણના ભાગ રૂપે ડિજિટલ લર્નિંગને અપનાવવાના સંદર્ભમાં અમારી હાલની સિસ્ટમમાં કરવા માટે જરૂરી ફેરફારોને પ્રકાશિત કર્યા છે.

જિલ્લાઓમાં ડિજિટલ લર્નિંગનું મૂલ્યાંકન કરવાના માપદંડોમાં ઈન્ટરનેટ સુવિધા, કમ્પ્યુટર અથવા લેપટોપ ધરાવતી શાળાઓની ટકાવારી, કમ્પ્યુટર-સહાયિત શિક્ષણ અને શીખવાની સુવિધા, કમ્પ્યુટર સહાયિતમાં તાલીમ પામેલા શિક્ષકોની ટકાવારી જેવા પરિબળોનો સમાવેશ થાય છે.

૨૦૨૦-૨૧માં કોવિડ૧૯ રોગચાળાને કારણે મોટાભાગનું શાળા શિક્ષણ ઓનલાઈન આપવામાં આવ્યું હતું ત્યારે અરુણાચલ પ્રદેશના ૧૯ જિલ્લાઓએ ડિજિટલ લર્નિંગ ડોમેનમાં મહત્તમ ૫૦ પોઈન્ટમાંથી ૧૦ કરતા ઓછા અંક મેળવ્યા હતા. એ જ રીતે, ઝારખંડમાં ૨૦, બિહારમાં ૩૬, મધ્ય પ્રદેશમાં ૪૮, જમ્મુ અને કાશ્મીરમાં ૧૭ અને મેઘાલયમાં ૧૧ જિલ્લાઓ ડિજિટલ લર્નિંગ સ્કેલ ઉપર બે આંકડાનો સ્કોર પણ પહોંચી શક્યા નથી. ૨૦૨૧-૨૨માં, બિહારના ૩૩ જિલ્લામાંથી કોઈપણ ડિજીટલ લર્નિંગ સ્કેલ ઉપર ૧૦ પોઈન્ટથી વધુ સ્કોર કરી શક્યું નથી. આસામમાં, ૩૪માંથી માત્ર એક જ જિલ્લામાં ૧૦થી વધુ પોઈન્ટ મેળવવામાં સફળ રહ્યો છે. ઉત્તર પ્રદેશમાં, ૭૪માંથી માત્ર ૩૨ જિલ્લાઓએ ૧૦ પોઈન્ટથી ઉપરનો સ્કોર કર્યો છે. પંજાબ તેના ૨૧ જિલ્લાઓ માટે ૫૦માંથી ૩૯ના સરેરાશ સ્કોર સાથે ડિજિટલ લર્નિંગ ડોમેનમાં ટોચ ઉપર છે.

# અદાણી-હિન્ડનબર્ગ વિવાદ : સુપ્રીમ કોર્ટે અરજીઓની સુનાવણી મુલતવી રાખી, સેબીને નિષ્ણાંત સમિતિની ભલામણો ઉપર તેનો પ્રતિસાદ રજૂ કરવા માટે કહ્યું



નવી દિલ્હી તા.૧૪

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં અદાણી-હિન્ડનબર્ગ વિવાદ અંગેની અરજીઓની બેચ ઉપર સુનાવણી મુલતવી રાખી હતી અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ને સર્વોચ્ચ અદાલત દ્વારા નિયુક્ત નિષ્ણાત સમિતિ દ્વારા મૂડી બજારના નિયમનકારને કરાયેલી ભલામણો ઉપર તેના મંતવ્યો આપવા જણાવ્યું હતું. સેબી તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે, તેઓએ કોર્ટમાં દાખલ કરેલા રિપોર્ટમાં નિષ્ણાત સમિતિ દ્વારા આપવામાં આવેલા સૂચનો ઉપર તેમનો 'રચનાત્મક પ્રતિભાવ' દાખલ કર્યો હતો. ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ અને જસ્ટિસ પી.એસ. નરસિમ્હા અને મનોજ મિશ્રાની બેન્ચે પૂછ્યું હતું કે, તપાસની સ્થિતિ શું છે? મહેતાએ જણાવ્યુંહતું કે, સર્વોચ્ચ અદાલતે મેમહિનામાં સેબીને અદાણી જૂથ દ્વારા શેરના ભાવમાં હેરાફેરીના આરોપોની તપાસ પૂર્ણ કરવા માટે ૧૪ ઓગસ્ટ સુધીનો સમય આપ્યો હતો અને આ મામલે તપાસ ચાલી રહી છે. નિષ્ણાત સમિતિએ કેટલીક ભલામણો કરી છે. અમે અમારો જવાબ દાખલ કર્યો છે. તેને આરોપો સાથે કોઈ લેવાદેવા નથી. બેન્ચે કહ્યું કે, તેને સેબીનો પ્રતિસાદ મળ્યો નથી અને તે કેસ સાથે જોડાયેલા અન્ય કાગળો સાથે સરક્યુલેટ કરવામાં આવે. તેણે જણાવ્યું હતું કે, બંધારણીય બેંચ સમક્ષ સૂચિબદ્ધ અન્ય કેટલીક અરજીઓ ઉપર સુનાવણી પૂર્ણ થયા પછી તરત જ આ કેસ સુનાવણી માટે લેવામાં આવશે. સેબીએ સર્વોચ્ચ અદાલતમાં દાખલ કરેલી તેની અરજીમાં જણાવ્યું હતું કે, તેના ૨૦૧૯ના નિયમમાં ફેરફારથી ઓફશોર ફંડના લાભાર્થીઓને ઓળખવાનું વધુ મુશ્કેલ નથી અને જો કોઈ ઉલ્લંઘન જણાશે અથવા સ્થાપિત થશે તો કાર્યવાહી કરવામાં આવશે. બજારના નિયમનકારે જણાવ્યું હતું કે, તેણે લાભદાયી માલિકી અને સંબંધિત-પક્ષના વ્યવહારો અંગેના નિયમોને કડક બનાવ્યા છે. સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત નિષ્ણાત સમિતિએ મે મહિનામાં વચગાળાના અહેવાલમાં જણાવ્યું હતું કે, તેને અબજોપતિ ગૌતમ અદાણીની કંપનીઓમાં હેરાફેરીની કોઈ સ્પષ્ટ પેટર્ન જોવા મળી નથી અને તેમાં કોઈ નિયમનકારી નિષ્ફળતા પણ નથી. જો કે, તેણે ૨૦૧૪-૨૦૧૯ની વચ્ચે સેબી દ્વારા કરાયેલા ઘણા સુધારાઓને ટાંક્યા છે જેણે તપાસ કરવાની નિયમનકારની ક્ષમતાને મર્યાદિત કરી હતી. ૧૭ મેના રોજ, સર્વોચ્ચ અદાલતે નિર્દેશ આપ્યો હતો કે, સર્વોચ્ચ અદાલત દ્વારા નિયુક્ત ન્યાયમૂર્તિ (નિવૃત્ત) એ.એમ. સપ્રેની નિષ્ણાત સમિતિ દ્વારા તેની સમક્ષ રજૂ કરવામાં આવેલા અહેવાલની નકલો પક્ષકારોને ઉપલબ્ધ કરાવવામાં આવે જેથી તેઓ આ મામલે વધુ ચર્ચામાં મદદ કરી શકે. હિન્ડનબર્ગ રિસર્ચ દ્વારા અદાણી વ્યાપારી સમૂહ સામે છેતરપિંડીભર્યા વ્યવહારો અને શેર-પ્રાઈસ મેનીપ્યુલેશન સહિતના આક્ષેપો કર્યા પછી અદાણી ગ્રુપના શેરો શેરબજારોમાં ગગડી ગયા હતા. અદાણી ગ્રુપે આ આરોપોને જૂઠાણા તરીકે ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે, તે તમામ કાયદાઓ અને જાહેરાતની આવશ્યકતાઓનું પાલન કરે છે.

# ચંદ્રયાન-૩ મિશન : ઈસરો શા માટે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પ્રદેશનું અન્વેષણ કરવા માંગે છે

હરીકોટા તા.૧૪

આંધ્રપ્રદેશના શ્રીહરિકોટાથી ચંદ્રયાન-૩ લોન્ચ થવાનું છે. ચંદ્રયાન-૩એ ભારતનું ત્રીજું ચંદ્ર મિશન છે તે ૨૦૧૯ના ચંદ્રયાન-૨ મિશનનું ફોલો-અપ છે, તેના લેન્ડર અને રોવર ચંદ્ર ઉપર સોફ્ટ-લેન્ડિંગ ન કરી શક્યા પછી આંશિક રીતે નિષ્ફળ ગયું હતું. ઈસરોના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ચંદ્રયાન-૩ તેના પ્રક્ષેપણના લગભગ એક મહિના પછી ચંદ્રની ભ્રમણકક્ષામાં પહોંચી જશે અને તેનું લેન્ડર, વિક્રમ અને રોવર, પ્રજ્ઞાન ૨૩ ઓગસ્ટે ચંદ્ર ઉપર ઉતરે તેવી શકયતા છે. ઉલ્લેખનીય છે કે, લેન્ડિંગ સાઈટ નવીનતમ મિશન ચંદ્રયાન-૨ જેવું જ છે જે ૭૦ ડિગ્રી અક્ષાંશ ઉપર ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક છે. જો બધું યોગ્ય રીતે પાર પડશે તો ચંદ્રયાન-૩ ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક સોફ્ટ-લેન્ડ માટેનું વિશ્વનું પ્રથમ મિશન બની જશે. અગાઉના તમામ અવકાશયાન ચંદ્ર ઉપર ઉતર્યા છે તે વિષુવવૃત્તીય પ્રદેશમાં હતા, ચંદ્ર વિષુવવૃત્તની ઉત્તર અથવા દક્ષિણમાં ડિગ્રી અક્ષાંશ ઉપર ઉતર્યા છે. વિષુવવૃત્ત ઉપરથી કોઈપણ અવકાશયાન જે સૌથી દૂર ગયું છે તે સર્વેયર ૭ હતું, જે નાસા દ્વારા લોન્ચ કરવામાં આવ્યુંહતું જેણે ૧૦ જાન્યુઆરી, ૧૯૬૮ના રોજ ચંદ્ર ઉપર ઉતરાણ કર્યું હતું. આ અવકાશયાન ૪૦ ડિગ્રી દક્ષિણ અક્ષાંશની નજીક ઉતર્યું હતું.

**ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક કોઈ અવકાશયાન કેમ ઉતર્યું નથી ? :-**

ચંદ્ર ઉપર અત્યાર સુધીના તમામ લેન્ડિંગ્સ વિષુવવૃત્તીય પ્રદેશમાં શા માટે થયા છે તેનું એક કારણ છે. ચાઈનાનું ચાંગ'ઈ ૪ પણ જે ચંદ્રની દૂરની બાજુએ ઉતરનાર પ્રથમ અવકાશયાન બન્યુંહતું તે ૪૫ ડિગ્રી અક્ષાંશની નજીક ઉતર્યું હતું. વિષુવવૃત્તની નજીક ઉતરવું સરળ અને સલામત છે. ભૂપ્રદેશ અને તાપમાન સાધનોના લાંબા અને સતત સંચાલન માટે વધુ અનુકૂળ છે. અહીંની સપાટી સમાન અને સરળ છે, ખૂબ જ ઢાળવાળી સ્થિતિ નથી અને ત્યાં ઓછા ટેકરીઓ અથવા ખાડાઓ છે. સૂર્યપ્રકાશ વિપુલ પ્રમાણમાં છે, આમ સૌર-સંચાલિત સાધનોને ઊર્જાનો નિયમિત પુરવઠો પ્રદાન કરે છે. ચંદ્રના ધ્રુવીય પ્રદેશો ખૂબ જ અલગ અને મુશ્કેલ ભૂપ્રદેશ છે. ઘણા ભાગો સંપૂર્ણપણે અંધારાવાળા પ્રદેશમાં આવેલા છે જ્યાં સૂર્યપ્રકાશ ક્યારેય પહોંચતો નથી અને તાપમાન ૨૩૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે જઈ શકે છે. સૂર્યપ્રકાશનો અભાવ અને અત્યંત નીચા તાપમાનને કારણે સાધનો ચલાવવામાં મુશ્કેલી સર્જાય છે. આ ઉપરાંત, આખી જગ્યાએ મોટા ખાડાઓ છે, જેનું કદ થોડા સેન્ટિમીટરથી માંડીને હજારો કિલોમીટર સુધી છે. આ વિસ્તારના કઠોર વાતાવરણને કારણે, ચંદ્રના ધ્રુવીય પ્રદેશો અન્વેષિત રહ્યા છે. પરંતુ કેટલાક ઓર્બિટર મિશનોએ પુરાવા આપ્યા છે કે, આ પ્રદેશોનું અન્વેષણ ખૂબ જ રસપ્રદ હોઈ શકે છે. આ પ્રદેશમાં ઊંડા ખાડાઓમાં નોંધપાત્ર માત્રામાં બરફના અણુઓની હાજરીના સંકેતો છે. ભારતના ૨૦૦૮ના ચંદ્રયાન- ૧ મિશનમાં તેના બે સાધનોની મદદથી ચંદ્રની સપાટી ઉપર પાણીની હાજરી સૂચવવામાં આવી હતી.

**ચંદ્ર ધ્રુવીય પ્રદેશોના કેટલાક ભાગોને સૂર્યપ્રકાશ કેમ મળતો નથી ? :-**

પૃથ્વીની સ્પિન ધરી પૃથ્વીની સૌર ભ્રમણકક્ષાના સમતલના સંદર્ભમાં ૨૩.૫ ડિગ્રી નમેલી છે, ચંદ્રની ધરી માત્ર ૧.૫ ડિગ્રી નમેલી છે. આ અનોખી ભૂમિતિને કારણે ચંદ્ર ઉત્તર અને દક્ષિણ ધ્રુવની નજીકના સંખ્યાબંધ ખાડાઓ ઉપર સૂર્યપ્રકાશ ક્યારેય પડતો નથી. આ વિસ્તારોને કાયમી પડછાયાવાળા પ્રદેશો અથવા **PSR** તરીકે ઓળખવામાં આવે છે.

# વેસ્ટ ઈન્ડિઝમાં ભારતના બિનઅનુભવી ઝડપી બોલરોની અગ્નિપરીક્ષા થશે

ડોમિનિકા, તા.૧૪

ભારતીય ટેસ્ટ ટીમને છેલ્લા એક દાયકામાં વિદેશોમાં મળેલી સફળતા કોઈપણ પરિસ્થિતિમાં સારૂં પ્રદર્શન કરનારા ઝડપી બોલિંગ આક્રમણના કારણે મળી પણ વેસ્ટઈન્ડિઝમાં બે ટેસ્ટ મેચોની સિરીઝ રમવા ગયેલી ટીમના ઝડપી બોલરોને લઈ આ વાત કહી શકાય નહીં. પ્રત્યેક ટીમ કયારેકના કયારેક ફેરફારના તબક્કામાંથી પસાર થાય છે પણ સ્ટાર ઝડપી બોલર જસપ્રીત બુમરાહના ઈજાગ્રસ્ત થવું તથા મોહંમદ શમી અને ઉમેશ યાદવની ગેરહાજરીના કારણે ભારતના મામલામાં આ પ્રવાસ તેની સાથે જલ્દી જોડાઈ ગયો છે. વિરાટ કોહલી જ્યારે કપ્તાન હતો તો તે પાંચ બોલર સાથે ઉતરવાનો પ્રાથમિકતા આપતો હતો અને ત્યારે ભારતીય બોલરોએ હંમેશા સારૂં પ્રદર્શન કર્યું છે. ભારત પાસે વર્તમાન સમયમાં ઝડપી બોલિંગના ઘણા ઓછા વિકલ્પ છે. મોહંમદ સિરાજ હાલમાં ભારતનો સૌથી સફળ ઝડપી બોલર છે. અને અત્યાર સુધી ૧૯ ટેસ્ટ મેચ રમનારો હૈદરાબાદનો આ ખેલાડી વેસ્ટઈન્ડિઝમાં ઝડપી બોલિંગ આક્રમણનું નેતૃત્વ કરશે. શું ટીમ ૩૧ વર્ષીય જયદેવ ઉનડકટને વિકલ્પ તરીકે જોઈ રહી છે. જેણે ગત વર્ષ બાંગ્લાદેશમાં ૧૨ વર્ષ બાદ ટેસ્ટ ટીમમાં પુનરાગમન કર્યું હતું. ઝડપી બોલિંગ વિભાગમાં ઈજા સામે ઝઝૂમનાર નવદીપ સૈની અને અત્યાર સુધી એક પણ ટેસ્ટ નહીં રમનાર મુકેશકુમાર પણ સામેલ છે. એક અન્ય ઝડપી બોલર પ્રસિદ્ધ કૃષ્ણાને વેસ્ટઈન્ડિઝમાં અજમાવી શકાય તેમહતો. તે પણ બુમરાહની જેમ ઈજાગ્રસ્ત છે. જો કે રોહિત, વિરાટ, ગાયકવાડ, રહાણે, ગિલ અને જયસ્વાલની હાજરીમાં ભારતની બેટિંગ લાઈન મજબૂત છે. અશ્વિન અને જાડેજાની હાજરીથી સ્પિન વિભાગ પણ ઘણો મજબૂત છે. વિન્ડીઝ સામે ભારતની જીતવાની પ્રબળ શકયતા છે.

# ગાંધીનગરમાં G-20 હેઠળ જુલાઈ માસમાં બે ફાઈનાન્સ ટ્રેક મીટિંગનું આયોજન કરાશે

ગાંધીનગર, તા.૧૪

ભારતે **G-20**નું પ્રમુખપદ સંભાળ્યું છે અને વિશ્વને લગતા મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ ઉપર વ્યવહારિક ઉકેલો શોધીને મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. ત્યારે ટ્રેડ અને ફાઈનાન્સ, પર્યાવરણ, પ્રવાસન, શહેરી વિકાસ અને અન્ય ઘણા મહત્ત્વના કાર્યક્રમોનું આયોજન કરીને ભારતના **G-20** પ્રમુખપદની ઉજવણી કરવામાં ગુજરાત મોખરે રહ્યું છે. **U-20** મેયોરલ સમિટ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી ગુજરાત ફાઈનાન્સ ટ્રેક મીટિંગ્સની ત્રીજી સાયકલની યજમાની કરવા માટે સજ્જ છે.

જુલાઈ મહિનામાં બે ફાઈનાન્સ ટ્રેક મીટિંગ્સનું ગાંધીનગર ખાતે આયોજન કરાયું છે. આ મીટિંગોમાં ૧૪થી ૧૬ જુલાઈ દરમ્યાન ૩જી ફાઈનાન્સ અને સેન્ટ્રલ બેંક ડેપ્યુટીઝ વર્કિંગ ગ્રુપ મીટિંગ તેમજ ૧૭થી ૧૮ જુલાઈ દરમ્યાન ૩જી ફાઈનાન્સ મિનિસ્ટર્સ અને સેન્ટ્રલ બેંક ગવર્નરોની મીટિંગનો સમાવેશ થાય છે. વિશ્વભરમાંથી ૩૦૦થી વધુ સહભાગીઓ આ મીટિંગોમાં ભાગ લેવાના છે, જેમાં યુએસએ, ફ્રાન્સ, ચીન, ઈટાલી, યુકે, જર્મની, જાપાન, સઉદી અરેબિયા, આર્જેન્ટિના, સ્પેન, ઓસ્ટ્રેલિયા, રિપબ્લિક ઓફ કોરિયા જેવા દેશોના ગવર્નરો, ડેપ્યુટી ગવર્નરો, મંત્રીઓ અને વડાઓનો સમાવેશ થાય છે.

૩જી ફાઈનાન્સ અને સેન્ટ્રલ બેંક ડેપ્યુટીઝ વર્કિંગ ગ્રુપ મીટિંગ ગાંધીનગરમાં ૧૪ જુલાઈના રોજ શરૂ થશે. મલ્ટિલેટરલ ડેવલપમેન્ટ બેંકો **(MDBs)**ને મજબૂત કરવા માટે **G20** એક્સપર્ટ ગ્રુપના અહેવાલ ઉપર ચર્ચા કરવા માટે **G20** રાઉન્ડ ટેબલ યોજવામાં આવશે. પ્રતિનિધિઓ માટે 'થર્ડ-પાર્ટી રિસ્ક મેનેજમેન્ટ ફ્રેમવર્ક સહિત બિગટેક અને ફિનટેકને લગતા નીતિવિષયક મુદ્દાઓ' પર ચર્ચાનું પણ સાઈડ ઈવેન્ટ તરીકે આયોજન કરવામાં આવ્યું છે. વર્કિંગ ગ્રુપ ૧૪મી અને ૧૫મી જુલાઈએ **G20** ટેબલ માટે રજૂ કરવામાં આવનાર કોમ્યુનિકનો મુસદ્દો તૈયાર કરશે. ત્યારબાદ ૧૫ જુલાઈના રોજ પ્રતિનિધિઓ સમૃદ્ધ કાર્યક્રમો અને ભોજન દ્વારા ગુજરાતની સંસ્કૃતિ અને વારસાનો અનુભવ કરશે.

છેલ્લા દિવસે એટલે કે, ૧૬ જુલાઈના રોજ વિવિધ વિષયો ઉપર મંત્રી સ્તરની પેનલ ચર્ચાઓ યોજાશે, જેમાં **G20** ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટર્સ ડાયલોગઃ લીવરેજિંગ ફંડિંગ એન્ડ ફાઈનાન્સિંગ મિકેનિઝમ્સ એન્ડ એપ્રોચીસ ફોર ધ સિટીઝ ઓફ ટુમોરોઝ તેમજ કરચોરી, ભ્રષ્ટાચાર અને મની લોન્ડ્રિંગ સામે લડવા ઉપર **G20** હાઈ લેવલ ટેક્સ સિમ્પોઝિયમ જેવા વિષયોનો સમાવેશ થાય છે. આ દિવસે ડેપ્યુટી લેવલના પાર્ટિસિપન્ટ્સ માટે બે સમાંતર સત્રો પણ આયોજિત કરવામાં આવ્યા છે. તેમાં 'ઈન્ટરલિંકિંગ ફાસ્ટ પેમેન્ટ સિસ્ટમ્સ' ઉપર વર્કશોપનો સમાવેશ થાય છે અને ત્યારબાદ 'અચિવિંગ ગ્રોથ ફ્રેન્ડલી ક્લાઈમેટ એક્શન એન્ડ ફાઈનાન્સિંગ ફોર ઈમર્જિંગ એન્ડ ડેવલપિંગ ઈકોનોમીઝ' (ઉભરતા અને વિકસતા અર્થતંત્રો માટે વિકાસને સાનુકૂળ ક્લાઈમેટ એક્શન અને ધિરાણ હાંસલ કરવું) વિષય ઉપર એક સત્રનો સમાવેશ થાય છે. ફાયનાન્સ ટ્રેકના બીજા ભાગમાં ૩જી નાણામંત્રીઓ અને સેન્ટ્રલ બેંકના ગવર્નરોની બેઠક યોજાશે, જે ૧૭મી જુલાઈથી ગાંધીનગરમાં શરૂ થશે. **G20** સભ્ય દેશોમાંથી ભાગ લેનારા નાણામંત્રીઓ અને સેન્ટ્રલ બેંકના ગવર્નરો માટે અલગ-અલગ સત્રોનું આયોજન કરવામાં આવ્યું છે. આ મીટિંગો પછી 'ગ્લોબલ ઈકોનોમી એન્ડ ગ્લોબલ હેલ્થ' તેમજ 'સસ્ટેનેબલ ફાઈનાન્સ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર' ઉપર સત્રો યોજાશે. **G20** સભ્યો દ્વારા 'પોલિસી ડાયલોગ્સઃ રાઉન્ડટેબલ ડિસ્કશન ઓન ક્રિપ્ટો એસેટ' ઉપર ચર્ચા પણ યોજાશે.

# ધોરણ-૯ અને ૧૦મા એક-એક વર્ગ ધરાવતી ૧૩૪૮ સ્કૂલોમાં વધારાના એક શિક્ષક મળશે

અમદાવાદ, તા.૧૪

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ધો.૯ અને ૧૦ની એક-એક વર્ગની સ્કૂલમાં વધારાના એક શિક્ષકના મહેકમને મંજૂરી આપી હતી. આ મંજૂરી મળ્યા બાદ શિક્ષણ વિભાગ દ્વારા રાજયમાં આવેલી આવી ૧૩૪૮ સ્કૂલોમાં વધારાના એક શિક્ષકની નિમણૂક કરવા માટેની મંજુરી આપી છે, જેથી હવે આ સ્કૂલોમાં નવા ૧૩૪૮ શિક્ષકોની નિમણૂક કરાશે. શિક્ષણ વિભાગે એક-એક વર્ગની સ્કૂલમાં ૩ શિક્ષક અને ૧ આચાર્યના મહેકમને મંજૂરી મળતા સ્કૂલોને વધારાના એક શિક્ષક મળશે. આ માટે બજેટમાં રૂા.૪૨૨ લાખની જોગવાઈ પણ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં ધો.૯ અને ૧૦નો એક વર્ગ ધરાવતી શાળાઓમાં ૩ શિક્ષક અને ૧ આચાર્ય મુજબના મહેકમને મંજૂરી આપવામાં આવેલી છે, જેથી આ સ્કૂલોમાં જગ્યા ઊભી કરવા માટે બજેટમાં રૂા.૪૨૨ લાખની જોગવાઈ કરવામાં આવેલી છે. આ માટે વહીવટી મંજૂરી માટે સરકાર સમક્ષ દરખાસ્ત કરવામાં આવેલી હતી. જેની ઉપર સરકારે વિચારણા બાદ નિર્ણય લીધો છે. શિક્ષણ વિભાગ દ્વારા કરેલા ઠરાવ અનુસાર, ધો.૯ અને ૧૦નો એક વર્ગ ધરાવતી સ્કૂલોમાં ૩ શિક્ષક અને ૧ આચાર્ય મુજબના મહેકમ માટે શિક્ષકોની જગ્યાઓ ઊભી કરવા તથા તેના પગાર ભથ્થા માટે રૂા.૪૨૨ લાખની નવી જોગવાઈને મંજૂરી આપવામાં આવી છે, જેમાં રાજયમાં આવેલી ૧૩૪૮ સ્કૂલોમાં નવા ૧૩૪૮ શિક્ષકોની જગ્યા ઊભી કરવાની મંજૂરી અપાઈ છે. આ જગ્યાઓ ઉપર ભરતી સરકારના પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર કરવાની રહેશે. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજૂરી મળ્યેથી ૬ માસમાં સીધી ભરતીથી ભરવા માટે મંજૂરી મેળવી કાર્યવાહી કરવાની રહેશે. આ જગ્યાઓની ભરતી વખતે અનામતનું ધોરણ નિયમાનુસાર જળવાય તે કમિશનર ઓફ શાળાઓની કચેરીએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

# ગુજરાતમાં પ્રથમવાર કેડી હોસ્પિટલમાં અનોખી સર્જીકલ પ્રોસિજર હાથ ધરાઈ

## ૧૩૫ કી.ગ્રા. વજન ધરાવતા વ્યક્તિને બે જીવંત દાતાઓના લીવર ટ્રાન્સપ્લાન્ટ કરાયા



અમદાવાદ, તા.૧૪

કેડી હોસ્પિટલ અમદાવાદમાં ૪૪ વર્ષની એક વ્યક્તિને બે લોબ લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવાની અનોખી શસ્ત્રક્રિયા કરવામાં આવી છે. દર્દી લીવર સિરોસીસ, નોન-આલ્કોહોલિક સ્ટેટોહેપીટાઈટીસ **(NASH)**, હીપોટોરાનલ સિન્ડ્રોમનો ભોગ બનેલા હતા અને ડબલ વેસલ કોરોનરી આર્ટરી (કાર્ડિયાક કન્ડીશન)ની બીમારીઓ ધરાવતા હતા. તેનું જીવન બચાવવા માટે તેની પત્નિએ જમણા લીવર લોબનું દાન કર્યું છે અને તેમના દિકરાએ ડાબા લીવર લોબનું દાન કર્યું છે. શસ્ત્રક્રિયા પછી દર્દી કોઈપણ જાતના કોમ્પ્લીકેશન વગર સારી રીતે સાજા થઈ રહ્યા છે.

દર્દી ઓટોરિક્ષા ડ્રાયવર તરીકે કામ કરતા હતા પરંતુ બગડતી જતી તબીયતને કારણે તે અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા હતા અને રોજબરોજની કામગીરીમાં તેમને તકલીફ પડતી હતી. તેમની હોજરીમાં પાણી ભરાઈ ગયું હતું, પગમાં સોજા આવ્યા હતા તથા શ્વાસ લેવામાં, બેસવામાં અને ઉભા રહેવામાં તકલીફ પડતી હતી. તે મુખ્ય કમાનાર વ્યક્તિ હોવાના કારણે તેમની માંદગીથી પરિવારને ભારે બોજ સહન કરવો પડતો હતો. સામાન્ય રીતે લીવર સિરોસીસની બિમારીમાં વ્યક્તિના વજનના પ્રમાણમાં લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવું પડતું હોય છે. ૧૩૫ કી.ગ્રા. વજન ધરાવતા આ વ્યકિતને તેના નોંધપાત્ર વજનને કારણે મોટું લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવું જરૂરી બન્યું હતું. દર્દીને અનુકૂળ આવે તેવો લીવર દાતા શોધવો તે એક મોટો પડકાર હતો.

કેડેવર લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવું તે ઉત્તમ વિકલ્પ હતો પણ તેની બંને કિડની ઝડપથી બગડવાના કારણે મૃત્યુ પામેલ વ્યક્તિનું લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવા માટે રાહ જોવાનુ ખૂબ જ જોખમી લાગતું હતું અને એ નિર્ણાયક ઘડીએ કેડી હોસ્પિટલની ટ્રાન્સપ્લાન્ટ ટીમે ડ્યુઅલ-લોબ લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવા માટેની જટિલ પ્રક્રિયા હાથ ધરવાનો નિર્ણય કર્યો.

દર્દીની પત્નિ અને દિકરાએ નિઃસ્વાર્થ ભાવે પોતાના લીવરનો હિસ્સો આપવા માટે તૈયારી દર્શાવી અને શસ્ત્રક્રિયા શક્ય બની. દર્દીના પરિવારની અપાર ઉદારતા મહત્વની ભૂમિકા ભજવી ગઈ અને આ પડકારયુક્ત શસ્ત્રક્રિયા શક્ય બની.

ડ્યુઅલ લોબ લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવું તે અત્યંત જટિલ શસ્ત્રક્રિયા છે. આ શસ્ત્રક્રિયા માટે વિવિધ નિપુણતા ધરાવતી ટીમ્સ અને કુશળ સર્જન્સ તથા એનેસ્થેસ્ટીસ્ટસ અને ઓટી નર્સિસ તથા ટેકનિશ્યન્સ જરૂરી બની રહેતા હોય છે. આ શસ્ત્રક્રિયા ખૂબ જ સમય માંગી લે છે, કારણ કે સમાંતરપણે ત્રણ શસ્ત્રક્રિયા કરવાની હોય છે. વધુમાં, બે અલગ અલગ દાતાઓ પાસેથી અંગ લઈને જોડવાના હોવાથી ઓપરેશન પછીના ઈમ્યુનો સપ્રેશન દર્દી માટે પડકારયુક્ત બની રહેતું હોય છે.

લીવર ટ્રાન્સપ્લાન્ટમાં તંદુરસ્ત જીવંત દાતા ઉપર શસ્ત્રક્રિયા કરીને તે વ્યક્તિના લીવરનો એક હિસ્સો લઈને જેનું લીવર અસરકારક રીતે કામ કરતું નથી તેવા લીવર ગ્રહણ કરનાર વ્યક્તિમાં ટ્રાન્સપ્લાન્ટ કરવાનો હોય છે. લીવરની આ અનોખી રિ-જનરેટીવ ક્ષમતાને કારણે બંને દાતાઓના લીવરના હિસ્સા અને લીવર ગ્રહણ કરનારના લીવર સાથે વિકસીને સંપૂર્ણ અંગ (લીવર) કાર્યરત બનતું હોય છે.

સિનિયર કન્સલ્ટન્ટ, લીવર ટ્રાન્સપ્લાન્ટેશન અને એચપીબી સર્જન, ડો. દિવાકર જૈન જણાવે છે કે "ડ્યુઅલ લોબ લીવર ટ્રાન્સપ્લાન્ટમાં સામાન્ય રીતે સારૂં પરિણામ મળતું હોય છે. આમ છતાં, ટેકનિકલ જટિલતા અને સર્જરીના પડકારોને કારણે આ પ્રકારની સર્જરી જવલ્લે જ થતી હોય છે." કેડી હોસ્પિટલના મેનેજીંગ ડિરેકટ ડો. અદિત દેસાઈ જણાવે છે કે "ડ્યુઅલ લોબ લીવર ટ્રાન્સપ્લાન્ટ એ કેડી હોસ્પિટલ માટે એક મહત્વનું સિમાચિહ્ન અને તબીબી ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી કરીને તેની સરહદો વિસ્તારવાની અમારી કટિબધ્ધતા દર્શાવે છે. સામાન્ય રીતે લીવર ટ્રાન્સપ્લાન્ટને દર્દી માટે છેલ્લા વિકલ્પ તરીકે આવી શસ્ત્રક્રિયા સ્વિકારવામાં આવે છે. લીવરના રોગના છેલ્લા તબક્કામાં જયારે સારવારના અન્ય વિકલ્પો કામ આવે તેમ ના હોય ત્યારે આ પ્રકારની શસ્ત્રક્રિયા કરવામાં આવે છે."

# ઉના તાલુકાના સનખડા ગામના હત્યા કેસના આરોપીઓને રીમાન્ડ મેળવવા તજવીજ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૪

ઊના તાલુકાના સનખડા ગામે રહેતા દોલું ધીરૂ ઝાલા ઉમર વર્ષ ૪૦ની ઉપર ૧૧/૭ના રોજ માણેકપુર દુધાળા જતા રોડ ઉપર બાવળના કાટાની ઝાડીઓમાં અજાણ્યા પાંચ ઈસમો તીક્ષ્ણ હથિયાર વડે માર મારી હાથ પગ અને માથામાં ગંભીર ઈજાઓ પહોંચાડી નાસી છૂટેલા હતા અને સારવાર મળે તે પહેલા તેમનું મોત થયું હતું.

આ અંગે નવાબંદર મરીન પોલીસ સ્ટેશનમાં મરણ જનારની સાથે મેત્રી કરાર કરનાર જિતુબા ઉર્ફે જીજ્ઞાબા કનુંભાઈ ઝાલા રે, સનખડા તા. ઊના વાળાએ ફરિયાદ નોંધાવી હતી અને મરીન પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એ.બી. વોરા અને સ્ટાફ તથા ગીર સોમનાથ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફે ગણતરીના કલાકોમા ચાર સનખડાના અને એક સોંદરડી વાળાને રાઉન્ડ અપ કરી પૂછપરછ કરતા આરોપી કનુભા ભીમભાઈ ઝાલા, જીલુભા ભીમભાઈ ઝાલા, કથુભાઈ ધીરૂભાઈ ઝાલા, વિક્રમસિંહ ધીરૂભાઈ ઝાલા ચાર રે.સનખડા, મહિલાનો ભાઈ વિજય ઉર્ફે વીરૂ ઘુઘાભાઈ ગોહિલ રે. સોંદરડી તા.ઊના પાસેથી પોલીસને માહિતી મળી હતી કે મૃતક દોલુભાઈ ધીરૂભાઈ ઝાલાએ અગાઉ કનુભાઈ ભીમભાઈ ઝાલાની પત્ની જીતુબા ઉર્ફે જીજ્ઞાની સાથે મૈત્રી કરાર કરી ભગાડી ગયો હતો અને પછી સમાધાન પણ થયું હતું. પરંતુ બે દિવસ પહેલા ધીરૂ અને જીતુબાને માણેકપુર ગામે જોઈ જતા મહિલાના પતિ કનુભાઈ ભીમભાઈ ઝાલાએ દોલુ ધીરૂ ઝાલાને બોલાવેલ અને પ્રથમ બોલ ચાલી થઈ હતી પછી માણેકપુર દુધાળા રોડ ઉપર બાવળની ઝાડીમાં તિક્ષણ હથિયારથી પગ, હાથ અને માથામાં માર મારી રેઢો મૂકી નાસી ગયા હતા અને દોલું ધીરૂ ઝાલાના પરિવારને જાણ થતાં ઊના દવાખાને લઈ ગયા હતા અને મોત થયું હતું આમ જર જમીન અને જોરૂ કજિયાના છોરૂ વાત સાચી પડી હતી. હવે પોલીસ પાંચ આરોપીઓને વધુ માહિતી માટે કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરવામાં આવશે. નવાબંદર મરીન પોલીસ ગણતરીના કલાકોમાં હત્યાનો ભેદ ઉકેલી આરોપીઓને પકડી લીધા હતા.

# કોડીનાર તાલુકા તલાટી કમ મંત્રી મંડળ દ્વારા આગામી તા.૧૭ જુલાઈથી પ્રતિકાત્મક આંદોલન

## સરખડી ગ્રામ પંચાયતના મહિલા તલાટી ઉપર ગેર બંધારણીય આક્ષેપો કરી હેરાન કરવાના મુદ્દે કોડીનાર તલાટી કમ મંત્રી મંડળ આકરા પાણીએ

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧૪

કોડીનાર તાલુકાના સરખડી ગ્રામ પંચાયતના મહિલા તલાટી મંત્રી વિરૂધ્ધ સરપંચ અને સભ્યો દ્વારા પંચાયતની ચાલું મિટિંગમાંથી અગત્યનું રેકોર્ડ પોતાની સાથે લઈને જતાં રહ્યાં સહીતના અનેક મુદ્દા સાથે મહિલા તલાટી ઉપર પગલા ભરવાની માંગ સાથે કોડીનાર તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું હતું જેની સામે કોડીનાર તાલુકા તલાટી કમ મંત્રી મંડળ દ્વારા પણ કોડીનાર મામલતદારને સરપંચ અને સરપંચ પતિ દ્વારા સરખડી ગ્રામ પંચાયતમા તલાટી કમ મંત્રીઓ વિરૂધ્ધ સતત ફરીયાદો – રજુઆતો સહ હેરાનગતીઓ ઉભી કરવામાં આવતી હોવાની તેમજ આયોજન પુર્વક તલાટી કમ મંત્રીને સરપંચ પતિના ઈશારે તેમના ભ્રષ્ટાચાર અને ગેરરીતીઓમાં બાધક બનવા સામે તલાટીને બાનમાં લઈ તેમના નામે અને જોખમે કાર્યવાહી ચલાવવા સરપંચ પતિ અને તેમના મળતીયાઓ પંચાયતના સદસ્યો દ્વારા એક તરફી ગુન્હાહીત રીતે રજુઆતો કરવામાં આવતી હોવાની નિયમો મુજબ સરકાર તરફે ચલાવવાના થતા વહીવટમા વિક્ષેપો ઉભા કરી હેરાનગતીઓ કરે અને રેકર્ડ ઉપર તલાટી કમ મંત્રીની જવાબદારી નકકી થતા તેમના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી થવાની સંભાવનાને ધ્યાને લેતા ગ્રામ્ય કક્ષાએ પાયાની કામગીરી કરતા કર્મચારીઓ મુકત રીતે તેમની ફરજ અદા કરી શકે તે માટે આ સરખડી ગ્રામ પંચાયત બોડીને પંચાયત ધારાની કલમ : ૫૭ હેઠળ તાત્કાલીક અસરથી બરતરફ કરી, સરપંચ પતિ સંજયભાઈ રાયસિંહભાઈ વાળા, સરપંચ અને પંચાયત બોડી તથા ખોટુ રોજકામ કરનારાઓ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ દાખલ થવા હુકમ થવા માંગ સાથેનું આવેદનપત્ર પાઠવી કોડીનાર તાલુકા તલાટી કમ મંત્રી મંડળ દ્વારા જો તલાટી મંડળની માંગણી નહીં સંતોષાય અને ન્યાય નહિ મળે તો ગત તા.૧૩/૭/૨૩ થી પ્રતિકાત્મક આંદોલન કરવાની ચીમકી અન્વયે હાલ સક્ષમ અધિકારી દ્વારા આ અંગે તપાસ હાથ ધરાઈ હોય હડતાળ હાલ પૂરતી મોકૂફ રાખી તલાટી કમ મંત્રી મંડળ દ્વારા પ્રતીકાત્મક કાર્યક્રમ હાથ ધરાશે જેમાં તા.૧૭/૭ ના રોજ તલાટી કમ મંત્રીઓ કાળી પટ્ટી ધારણ કરશે તેમજ તા.૨૦ ના તલાટી કમ મંત્રી મંડળ પેનડાઉન કરશે અને તા.૨૪ ના માસ સી.એલ.ઉપર જઈ તા.૨૭/૭થી અચોક્કસ મુદત માટે હડતાળ ઉપર ઉતરશે તેવું તાલુકા વિકાસ અધિકારીને પત્ર પાઠવી જો આ પ્રકરણમાં ન્યાયિક તપાસ કરવામાં નહિ આવે તો ઠરાવ મુજબ તલાટી કમ મંત્રી મંડળ હડતાળ ઉપર ઉતરી જવાની ચીમકી ઉચ્ચારી છે.

# રિલાયન્સ ઈંડસ્ટ્રીઝ દ્વારા પશુ સારવારના ક્ષેત્રે પ્રસંનીય કામગીરી

## નિષ્ણાંત પશુચિકિત્સકો અને આધુનિક સુવિધાઓનો ઉપયોગ

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૧૪






રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે ગ્રુપ પ્રેસિડેન્ટ ધનરાજ નથવાણીના માર્ગદર્શનમાં લાલપુર તાલુકાના પડાણા ગામ ખાતે સ્થપાયેલી આધુનિક સુવિધાઓ સાથેની પશુ હોસ્પિટલમાં પશુઓને લગતા તમામ રોગો તથા ઈજાઓના નિદાન અને સારવાર માટે લોહી-પેશાબ-છાણની ચકાસણી માટે લેબોરેટરી, અત્યાધુનિક ઓપરેશન થિયેટર, મોબાઈલ વેટરનરી વાન, અકસ્માતે ઈજાગ્રસ્ત ચલન અવયવોની ભાંગ-તૂટ થયેલ હાડકાની તપાસણી માટે એક્સ-રે મશીન, તે લગત દવાઓ સાથેની ફાર્મસી, ગંભીર બીમાર પશુઓને ઈન્ડોર દાખલ સારવાર માટે પશુ શેડ વગેરે તમામ સગવડો ઉપલબ્ધ છે. નિષ્ણાંત અને સશિક્ષ તબીબી અને પેરા મેડીકલ સ્ટાફ ધરાવતાં આ ચિકિત્સાલય દ્વારા દર વર્ષે પશુ વંધ્યત્વ નિવારણ અને પશુ કૃમિ નિયંત્રણ માટેના કેમ્પો યોજવામાં આવે છે. આ ઉપરાંત પશુઓમાં કોઈ રોગચાળો ફેલાય ત્યારે ગામેગામ પશુ રોગ નિદાન - સારવાર-સંભાળના કેમ્પોનું પણ આયોજન કરવામાં આવે છે. તે ઉપરાંત પશુ જાત સુધારણા, સંવર્ધન, પોષણ, રસીકરણ તેવી આદર્શ પશુપાલન, જાળવણી તેમજ પશુ દૂધ ઉત્પાદન વૃદ્ધિ સબંધિત પ્રવૃત્તિઓનો પણ સમાવેશ થાય છે. પ્રથમ તબક્કામાં જામનગર સ્થિત રિલાયન્સ રિફાઈનરી નજીકના ગામો અને ત્યારબાદ ઉત્સાહી નિષ્ઠાવાન પશુ પાલકોને મદદરૂપ થવા અન્ય દૂરનાં ગામોમાં પણ રિલાયન્સ વેટરનરી હોસ્પિટલના માધ્યમથી પશુઆરોગ્ય અને પશુ જાળવણી આનુષાંગિક તમામ બાબતોને આવરી લેતી સર્વગ્રાહી પ્રવૃત્તિ ચાલી રહી છે. આજ સુધીમાં આ હોસ્પિટલ દ્વારા ૧,૧૫,૦૦૦ જેટલાં પશુઓને સારવાર, ૪૦૦૦ પશુઓને કૃત્રિમ બીજદાન તથા ૩૪ આરોગ્ય કેમ્પોમાં ૩૦ હજારથી વધુ પશુઓને એમ કુલ મળીને દોઢ લાખ જેટલા પશુઓને સારવાર આપવામાં આવી છે. ૧૭૦૦ જેટલાં પશુઓને રસીકરણ કરવામાં આવ્યું છે. કોરોના મહામારી વખતે ટેલી મેડિસિન દ્વારા ઓનલાઈન રોગનિદાન કરી ૨૫૬૦ જેટલાં પશુઓને સારવાર અને ૬૦૦ થી વધુ ઉત્સાહી પશુપાલકો સાથે ટેલિબ્રિફીંગ દ્વારા માર્ગદર્શન કરવામાં આવ્યું હતું. ૨ગત વર્ષે સમગ્ર રાજ્યમાં પશુઓમાં ફેલાયેલ ચામડીની જીવલેણ મહામારી 'લંપી વાયરસ' વખતે આ હોસ્પિટલ દ્વારા સરકારશ્રીની વ્યવસ્થાની આપૂર્તિ સાથે સંપર્કમા રહી તાત્કાલિક ધોરણે વેકસીનેશન તથા અસરગ્રસ્ત જાનવરો તથા રસ્તે રઝળતાં બીનવારસી બિમાર જાનવરોની સારવારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# કેશોદના હરેરામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ ઉપયોગી વસ્તુઓનું વિતરણ કરાયું

(ગોવિંદ હડીયા દ્વારા)

કેશોદ, તા.૧૪

કેશોદમાં હરેરામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિવિધ સામાજિક, માનવ, પશુ, પક્ષીઓ માટે મદદરૂપ વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. કેશોદના એરપોર્ટ રોડ ફુવારા ચોક નજીક આવેલ રાજ મહેલ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાલ વાટીકાથી ધોરણ આઠ સુધીના ૨૯૦ જેટલા વિદ્યાર્થીઓને હરેરામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દાતાઓના સહયોગથી નોટબુક, પેન, પેનસીલ સહીત અભ્યાસ ઉપયોગી ભેટ સોગાદો આપવામાં આવી હતી સાથે સ્લમ વિસ્તારના બાળકોને નાસ્તો કરાવવામાં આવ્યો હતો. માનવ, પશુ,



પક્ષીઓની મદદ માટે હંમેશા તત્પર રહેતી હરેરામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉમદા કાર્ય કરવામા આવે છે જે બદલ શહેરીજનો હરેરામ ચેરીટેબલ ટ્રસ્ટના તમામ હોદ્દેદારોની કામગીરીને બિરદાવી રહયા છે.

# આહીર વૈચારિક ક્રાંતિ ગ્રુપ ગુજરાતના સફળતાના ત્રણ વર્ષ પૂર્ણ

(ગોવિં હડીયા દ્વારા)

કેશોદ, તા.૧૪

'આહીર સમાજ વૈચારિક ક્રાંતિ ગ્રુપ-ગુજરાત'ની શરૂઆત જુલાઈ ૨૦૨૦માં થઈ હતી જે આજે ત્રણ વર્ષ સફળતાપૂર્વક પૂરા કરેલ છે. ડિજિટલ પ્લેટફોર્મ ઉપર શરૂ થયેલું આ ગ્રુપ આજે એક વિશાળ વટ વૃક્ષ સમાન આશરે ૫૦,૦૦૦ જેટલા સભ્યોનો પરીવાર બની ગયું છે. સમાજમાં પરસ્પર સંપ, સેવા અને સહકારની ભાવનાથી 'સશકત સમાજ હતી સશક્ત રાષ્ટ્રના નિર્માણ' હેતુ આ ગ્રુપ સામાજિક એકતા અને જાગૃતિ, પરસ્પર સંપ અને સહકાર, શિક્ષણ અને આરોગ્ય જાગૃતિ, પ્રતિભા ઓળખ અને સન્માન, પર્યાવરણ જાગૃતિ, વ્યસનમુક્તિ, જેવા કાર્યો સમગ્ર ગુજરાતમાં આયોજન કરે છે અને ભવિષ્યમાં એક આદર્શરૂપ સમાજવ્યવસ્થા નિર્માણ કરવા કટિબદ્ધ છે. હજુ પણ સમગ્ર વિશ્વમાંથી ગુજરાત આહીર સમાજના વધુ લોકોને એક સામાજિક યજ્ઞ સમાન આ ગ્રુપમાં જોડાવા માટે આહવાન કર્યુંછે. રાજ્ય કોરકમિટી અધ્યક્ષ ઘનશ્યામભાઈ હેરભા, એડમીન




ટીમ આર.જે.રામ, મથુરભાઈ બલદાણીયા, સંજયભાઈ છૈયા વગેરેએ સમગ્ર કોરકમિટી, સમગ્ર કન્વીનર્સ ટીમ, સોશિયલ મીડિયા ટીમ સહિત પ્રત્યક્ષ અને પરોક્ષ સહકાર આપનાર સૌ જ્ઞાતિજનો, મિત્રો, પ્રેસમીડિયા મિત્રો સહિત સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.



આપણે ભીક્ષાનો બીજનેશ કરીએ છીએ, માટે બેકાર ન ગણાઈએ !



આયોજન પંચમાં છો ને ? પક્ષને મજબુત કરવાનું આયોજન કેમ નથી ફાવતું ?

# ભેંસાણ બાળ મજુરી કરનારને શ્રમ અધિકારીએ મુકત કરાવ્યો

(પ્રતિનિધિદ્વારા)

જૂનાગઢતા.૧૪

ભેંસાણમાં બાળ મજુરી કરનારને શ્રમ અધિકારીએ મુક્ત કરાવી તેને બાળ સંરક્ષણ ગૃહમાં મોકલી આપ્યો હતો અને સાયકલ એજન્સીના માલિક સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. શ્રમ અધિકારી એમ.એચ. પરમાર વગેરેએ ભેંસાણમાં ગઈકાલે બપોરે બાળ મજુરી નાબુદી ઝુંબેશ હેઠળ દરોડો પાડયો હતો. જેમાં ભેંસાણના જીન પ્લોટ મેઈન રોડ પર આવેલ પોસ્ટ ઓફિસ નજીકની પ્રિન્સ સાયકલ એજન્સીમાં કામ કરતો એક ૯ વર્ષનો બાળમજુર મળી આવ્યો હતો. તપાસમાં આ બાળ મજુર પાસે ૬ કલાકથી વધારે કામ કરવા માટે ફરજ પાડવામાં આવતી હોવાનું જણાયું હતું. આથી બાળ મજુરને મુકત કરાવીને જૂનાગઢ ખાતેના બાળ સંરક્ષણ ગૃહમાં મોકલી આપ્યો હતો. જયારે સાયકલ એજન્સીના માલિક જમન અરજણ રાંક સામે શ્રમ અધિકારીએ ફરિયાદ નોંધાવતા ભેંસાણ પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# જૂનાગઢના વણઝારી ચોકના લોકો ગટરના ગંદા પાણીથી ત્રાહીમામ

## કમિશ્નર ન મળતા મનપા કચેરીએ બોલાવી રામધુન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ મહાનગરપાલિકાના વિવિધ વિસ્તારોના લોકોને જયારે પણ પ્રાથમિક સુવિધાના પ્રશ્નો હોય ત્યારે આ પ્રશ્નો ઉકેલવામાં ભારે મુશીબતો પડે છે. પ્રજાના પ્રતિનિધિઓ લોકસેવકોને રજુઆત કરે છે પરંતુ પ્રશ્નનો ઉકેલ આવતો નથી ત્યારે જનતાનો રોષ જવાળામુખીને બનીને ફાટી નીકળે છે અને આખરે કમિશનરને રજુઆત કરવા જાય છે પરંતુ કમિશનર પણ પ્રજાકિય પ્રશ્ને આવેલા લોકોને સાંભળતા નથી ત્યારે લોકો પોતાની રજુઆત કોને કહે ? તે સળગતો સવાલ ઉભો થયો છે. ગઈકાલે પણ ગટર પ્રશ્ને રજુઆત કરવા ગયેલા લોકોને આ કડવો અનુભવ થયો હતો અને મનપાની કચેરીએ જ રામધુન કરવા બેસી ગયા હતા અને આખરે મામલો થાળે પડયો હતો. આ અંગે મળતી વિગત અનુસાર જૂનાગઢ શહેરમાં લોકો ગટરની સમસ્યાથી ત્રસ્ત બન્યા છે. શહેરની ગલીએ ગલીએ ગટર તારા ગંધાતા પાણી ફરી વળ્યા છે. હાલમાં શહેરના વણઝારી ચોકમાં પણ ગટરના પાણી રોડ ઉપર ફરી વળતા સ્થાનિક લોકો રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા. અને ચક્કાજામ કરી દિધો હતો ત્યારબાદ સ્થાનિક લોકો કમિશ્નરને રજૂઆત કરવા મહાનગરપાલિકાની કચેરી ગયા હતા જોકે, કમિશ્નરે મુલાકાત ન આપતા રોષે ભરાયેલા લોકોએ મનપા કચેરીમાં રામધૂન બોલાવી હતી. ત્યારબાદ કમિશ્નરે તમામ લોકોને બોલાવી સમસ્યા સાંભળી ૨૪ કલાકમાંજ ગટરની સમસ્યાનો ઉકેલ લાવવા ખાતરી આપી હતી. ત્યારબાદ સમગ્ર મામલો થાળે પડ્યો હતો. આ અંગે સ્થાનિક રહેવાસી જીજ્ઞેશભાઈ કડીવારે જણાવ્યું હતું કે, વણઝારી ચોકની આજુબાજુમાં અનેક એપાર્ટમેન્ટ, ટેનામેન્ટ અને દુકાનો આવેલી છે. અહિં વર્ષોથી ગટરની સમસ્યા છે. ગટરના પાણી રસ્તા ઉપર વહે છે. પરિણામે અહિંની અંદાજીત ૧૫૦૦ની વસ્તીને ગટરના ગંદા પાણીમાંથી પસાર થવું પડે છે. જ્યારે ફરિયાદ કરીએ ત્યારે થાગડ, થિગડા જેવી કામગીરી કરીને જતા રહે છે. પરિણામે થોડા દિવસોમાં જ સ્થિતી જૈસે થે બની જાય છે. ત્યારે આ કાયમી સમસ્યાથી છૂટકારો મળે તેવી સ્થાનિક લોકોની માંગ છે.

# કેશોદના શરદચોક વિસ્તારમાં આખલા સાથે દારૂડિયો જીવનાં જોખમે અડપલાં કરતાં ટ્રાફિકજામ સર્જાયો





(પ્રતિનિધિદ્વારા)

કેશોદતા.૧૪

કેશોદ શહેરનાં માંગરોળ રોડ ઉપર આવેલા શરદચોક વિસ્તારમાં જાહેર માર્ગ ઉપર આખલા સાથે દારૂડિયો અડપલાં કરતાં ટ્રાફિક જામ સર્જાયો હતો. કેશોદના ચાર ચોક વિસ્તારમાં અંડરબ્રીજનું કામ ચાલુ હોય ડાયવર્ઝન કાઢવામાં આવતાં માંગરોળ રોડ ઉપર વાહનોની અવરજવર વધારે હોય છે. ત્યારે ભારે વરસાદને કારણે શેરીઓમાં પાણી ભરાઈ જતાં માખીઓ મચ્છરનો ત્રાસ વધી જતાં નધણિયાતા રખડતાં ભટકતાં પશુઓ આખલાઓ જાહેર માર્ગો ઉપર અડીંગો જમાવી બેસી જાય છે. ત્યારે એક શખ્સ દારૂનાં નશામાં ધૂત થઈ આખલા સાથે અડપલા કરી રહ્યો હતો સદનસીબે કોઈ આકસ્મિક ઘટના બની હતી નહીં. કેશોદના લોકો આ તમાશો જોઈ રહ્યા હતા આધારભૂત સૂત્રોના જણાવ્યાં મુજબ દારૂનાં નશામાં ધૂત થઈ આખલા સાથે અડપલા કરતો શખ્સ છાશવારે વગરપાસ પરમીટે કેફી પીણું પીવાનાં ગુનામાં પકડાયેલ છે કે નહી ત્યારે નશો કરવાની આદતથી મજબુર હોય ત્યારે કોઈ પ્રકારની આકસ્મિક ઘટના બનશે તો નવાઈ નહીં રહે.

## જૂનાગઢમાં ધો. ૧૦-૧૨નાં વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા આજે પુરી થશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૪

જૂનાગઢમાં ધો. ૧૦ અને ધો. ૧૨ બોર્ડનાં વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા ૧૧ જુલાઈથી શરૂ થયેલ જે આજરોજ પુરી થઈ રહેલ છે. જીલ્લા શિક્ષણાધિકારી ભાવસિંહ વાઢેરે જણાવ્યું હતું કે શાંતિપૂર્ણ માહોલમાં વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી રહયા છે. જેમાં ગઈકાલે સવારનાં એસએસસીની ગુજરાતીની પરીક્ષામાં કુલ ૧૪ વિદ્યાર્થીઓમાંથી ૧૨ હાજર અને બે ગેરહાજર રહયા હતાં. તેમજ બપોરનાં ધો. ૧૨ની પરીક્ષામાં સમાનજ શાસ્ત્રમાં ૭માંથી ૭ વિદ્યાર્થીઓ હાજર રહી પરીક્ષા આપેલ હતી. તેમજ વિષયવાર અને માધ્યમવાર કુલ ૧૮૧૬ વિદ્યાર્થીઓમાંથી ૧૫૬૧ હાજર અને ૧૫૫ ગેરહાજર રહયા હતાં.

## વંથલી જુગાર દરોડો આઠ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ, તા.૧૪

વંથલી પોલીસે ગઈકાલે જુગાર અંગે દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતા કેતન કલોલા, રાહીલ જેઠવા, હારૂન જેઠવા, રીઝવાન અગવાન, સલીમ જેઠવા, ગફાર જેઠવા, સીતાર જેઠવા, જાહીદ વાજાને કુલ રૂા.૧,૧૩,૬૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

## જૂનાગઢમાં પાઈપ વડે હુમલો જાનથી મારી નાખવાની ધમકી આપી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ, તા.૧૪

જૂનાગઢના વંથલી રોડ રાધારમણ સોસાયટી, બ્લોક નં-૩/બી ખાતે રહેતા કિશોરભાઈ માધવદાસ નિમાવત (ઉ.વ.૬૨)એ પંકજભાઈ વાઘેલા રહે.રાધારમણ સોસાયટી વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, ફરિયાદી પોતાના ઘરે એકલા હતા ત્યારે આરોપીની પુત્રી ફરિયાદીના ઘરે ટેપપટ્ટી લેવા માટે આવતા ફરિયાદીએ તેનું બાવળુ પકડેલ જેનું મનદુઃખ રાખી આરોપીએ ફરિયાદીને જેમફાવે તેમ ગાળો બોલી પાઈપ વડે માર મારી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા સી ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# કેશોદમાં પોસ્ટ ઓફિસ નજીક કેઈન હડફેટે રત્ન કલાકાર મહિલાનું થયું મોત



(પ્રતિનિધિ દ્વારા)

કેશોદતા.૧૪

કેશોદ પોસ્ટ ઓફીસના સામેના ભાગે ઓવર ટોક કરતી ક્રેઈને બાઈકને હડફેટે લેતા બાઈકસવાર મહિલા પાછળના વ્હીલ નીચે આવી જતા ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું ક્રેઈન મૂકી ડ્રાઈવર ફરાર થયો હતો પોલીસે ઘટના સ્થળે એકઠા થયેલા ટોળાને વિખેરી ટ્રાફીક ખુલ્લો કર્યો હતો.

કેશોદના સોંદરડા ગામે રહેતા પ્રવિણાબેન અશ્વિનભાઈ વાજા સાંજના સમયે બાઈક ચલાવી પોંસ્ટ આફીસના સામેના ભાગે સોંદરડા ગામ તરફ જઈ રહ્યા હતા ત્યારે પાછળ આવતી ક્રેઈને ઓવરટેક કરતા પાછળના ભાગે અથડાઈ વ્હિલનીચે આવી જતા ઘટના સ્થળેજ મોત નિપજ્યું હતું. ૧૦૮ મારફત તેને સરકારી હોસ્પીટલ લઈ જવાતા પોલીસ દ્વારા પોસ્ટ મોટમ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ઘટના અંગેનાં સીસી ટીવી ફુટેજ સામે આવ્યા હતા જેમા ક્રેઈન બાઈકને ઓવરટેક કરતા મહિલા ક્રેઈનના પાછળના વ્હીલમાં આવી જતા માથાનો ભાગ છુંદાતા ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. આ મહિલા વીમાં એજન્ટ અને હિરાધસવાનું કામ કરતા હતા જ્યારે તેમના પતિ અશ્વિનભાઈ સુરત ખાતે હિરાધસવાનું કામ કરતા હોય તેમને ફોનથી જાણ કરાતા તેઓ સુરતથી રવાના થયા હતા મહિલાના મોતના પગલે પરિવારમાં માતમ છવાયું હતું. આ અંગે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# આગામી મહોરમ તહેવારનાં આયોજન બાબતે મિટિંગ બોલાવવા અધિક કલેકટરની મુલાકાત લેતા પ્રતિનિધિઓ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

મહોરમ એકતા સમિતિના આગેવાનોએ અધિક કલેકટરને મળી આગામી મહોરમ પર્વને લઈ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને લોકો તહેવાર શાંતીમય રીતે ઉજવે તે હેતુસર તહેવારને અનુલક્ષી જાહેરનામું બહાર પાડવા તેમજ મહોરમના તહેવાર સંકલન સંબધિત બેઠક બોલાવવા માંગ કરી હતી. જેને અધિક કલેકટરએ માન્ય રાખી તાકીદે યોગ્ય કરવા ખાત્રી આપી હતી.

આ તકે મહોરમ એકતા સમિતિના બટુકભાઈ મકવાણા, મુન્નાબાપુ (દાતારવાળા), એડવોકેટ જિશાનભાઈ હાલેપોત્રા, વહાબભાઈ કુરેશી, મહેબૂબભાઈ પંજા, કાસમભાઈ જુનેજા, કે.ડી. સગારકા, પરેશ બી. વાઘેલા, સોહેલ સિદીકી સહિતના ઉપસ્થિત રહેલ હતા.



